dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue - 52 | AD - 2024, kartak Vad - 10 | Monday, Dt.25-11-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ફ્રેન્ચાઈઝીએ પ્રથમ દિવસે જ ખેલાડીઓને ખરીદવા માટે પડાપડી કરી


## આઈપીએલ હરાજીમાં ભારતીય ખેલાડીઓ પર રૂપિયાનો વરસાદ : પંતને મળ્યા ૨૭ કરોડ

**પ્રથમ સેટમાં માર્કી ખેલાડીઓ આટલા ભાવે વેચાયા હતા**

| | | | | |
|---|---|---|---|---|
| અર્શદીપ સિંહ | - | રૂ. ૧૮ કરોડ | - | પંજાબ કિંગ્સ |
| કાગીસો રબાડા | - | રૂ. ૧૦.૭૫ કરોડ | - | ગુજરાત ટાઇટન્સ |
| શ્રેયસ અય્યર | - | રૂ. ૨૬.૭૫ કરોડ | - | પંજાબ કિંગ્સ |
| જોસ બટલર | - | રૂ. ૧૫.૭૫ | - | ગુજરાત ટાઇટન્સ |
| મિશેલ સ્ટાર્ક | - | રૂ. ૧૧.૭૫ કરોડ | - | દિલ્હી કેપિટલ્સ |
| ઋષભ પંત | - | રૂ. ૨૭ કરોડ | - | લખનૌ સુપર જાયન્ટ્સ |

નવી દિલ્હી, તા.૨૪

ઈન્ડિયન પ્રીમિયર લીગ-૨૦૨૫ માટે સાઉદી અરબના જેદ્દામાં ખેલાડીઓની હરાજી થઈ હતી. આઈપીએલની તમામ ૧૦ ફ્રેન્ચાઈઝીએ પ્રથમ દિવસે જ ખેલાડીઓને ખરીદવા માટે પડાપડી કરી હતી. આ વખતે બીસીસીઆઈ દ્વારા હરાજી માટે કુલ ૫૭૭ ખેલાડીઓને શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં ૩૬૭ ભારતીય અને ૨૧૦ વિદેશી ખેલાડીઓ છે. આ સિવાય સહયોગી દેશોના ચાર ખેલાડીઓ પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. ઋષભ પંતે મેગા ઓક્શનમાં ઈતિહાસ રચ્યો હતો. ઋષભ પંતને લખનૌ સુપર જાયન્ટ્સે ૨૭ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. પંત આઈપીએલના ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી બન્યો હતો. તેણે શ્રેયસ અય્યરનો રેકોર્ડ તોડ્યો હતો, જેને પંજાબ કિંગ્સે આ જ હરાજીમાં રૂ. ૨૬.૭૫ કરોડમાં ખરીદ્યો હતો. કોલકાતાએ વેંકટેશ અય્યરને ૨૩.૭૫ કરોડમાં ખરીદ્યો હતો. તે આઈપીએલના ઈતિહાસમાં વેચાયેલો સૌથી મોંઘો ત્રીજો ખેલાડી બન્યો હતો. આઈપીએલના તમામ ૧૦ ફ્રેન્ચાઈઝીએ થોડા દિવસ પહેલા રિટેન પ્લેયર્સની યાદી જાહેર કરી હતી. આમાં સૌથી મોટી વાત એ હતી, ગત વર્ષે જે ટીમમાં ઋષભ પંત, શ્રેયસ ઐય્યર, કે.એલ.રાહુલ, ફાક ડુ પ્લેસિસ હતા તે ટીમોએ તેમને રિટેન કર્યા નહોતા. આ ખેલાડીઓએ આઈપીએલ-૨૦૨૩માં કેપ્ટનશીપની ભૂમિકા નિભાવી હતી. તેથી આ વર્ષે પાંચ ટીમો દિલ્હી કેપિટલ, પંજાબ કિંગ્સ, કોલકાતા નાઈટ રાઈડર્સ, રૉયલ ચેલેન્જર્સ બેંગલુરુ, લખનઉ સુપર જાયન્ટ્સ પણ કેપ્ટનની શોધમાં છે. તેઓ હરાજીમાંથી ખરીદેલા ખેલાડીઓમાંથી નવા કેપ્ટનની જાહેરાત કરી શકે છે.




**બીજા સેટમાં માર્કી ખેલાડીઓ આટલી કિંમતે વેચાયા**

| | | | | |
|---|---|---|---|---|
| મોહમ્મદ શમી | - | રૂ. ૧૦ કરોડ રૂપિયા | - | સનરાઇઝર્સ હૈદરાબાદ |
| ડેવિડ મિલર | - | રૂ. ૭.૫૦ કરોડ | - | લખનૌ સુપર જાયન્ટ્સ |
| યજુવેન્દ્ર ચહલ | - | રૂ. ૧૮ કરોડ | - | પંજાબ કિંગ્સ |
| મોહમ્મદ સિરાજ | - | ૧૨.૨૫ કરોડ | - | ગુજરાત ટાઇટન્સ |
| લિયામ લિવિંગસ્ટોન | - | રૂ. ૮.૭૫ કરોડ | - | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર |
| કેએલ રાહુલ | - | રૂ. ૧૪ કરોડ | - | દિલ્હી કેપિટલ્સ |

**આઈપીએલ હરાજીના ટોપ-૫ મોંઘા ખેલાડી**

| | | |
|---|---|---|
| ઋષભ પંત | - | ૨૭ કરોડ |
| શ્રેયસ અય્યર | - | ૨૬.૭૫ કરોડ |
| વેંકટેશ અય્યર | - | ૨૩.૭૫ કરોડ |
| અર્શદીપ સિંહ | - | ૧૮ કરોડ |
| યુઝવેંદ્ર ચહલ | - | ૧૮ કરોડ |

(તમામની બેસ પ્રાઇઝ ૨ કરોડ હતી)

### સૌથી મોંઘા ટોપ-૫માં તમામ ભારતીય ખેલાડી

## સંભાલમાં પથ્થરમારો : ૧૦ની અટકાયત, ૨ ના મોત

નવીદિલ્હી,તા.૨૪



સંભાલની જામા મસ્જિદમાં કોર્ટના આદેશ પર રવિવારે બીજી વખત સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી હતી, પરંતુ તે દરમિયાન તોફાની તત્વોએ પથ્થરમારો શરૂ કર્યો હતો, ત્યારબાદ પોલીસે ટોળાને વિખેરવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા હતા અને હળવા બળનો ઉપયોગ કર્યો હતો. અધિકારીઓએ આ માહિતી આપી હતી. એક અધિકારીએ જણાવ્યું કે ૧૦ લોકોની અટકાયત કરવામાં આવી છે અને હિંસાની તપાસ શરૂ કરવામાં આવી છે. તેણે જણાવ્યું કે કેટલાક લોકોએ રસ્તાની બાજુમાં પાર્ક કરેલી મોટરસાઈકલને આગ લગાડવાનો પણ પ્રયાસ કર્યો હતો. પોલીસે સ્થિતિને કાબૂમાં લેવા હળવો બળપ્રયોગ કર્યો અને ટીયર ગેસના સેલ છોડ્યા. પોલીસ અધિક્ષકે કહ્યું કે ડ્રોન અને સીસીટીવી ફૂટેજ દ્વારા લોકોની ઓળખ કરવામાં આવશે. તેમણે કહ્યું કે પથ્થરમારામાં ઘણા પોલીસકર્મીઓ ઘાયલ થયા છે, જેમાંથી એક કે બે પોલીસકર્મીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે પથ્થરમારો કરનારા અને તેમને ઉશ્કેરનારા લોકોની ઓળખ કરવામાં આવશે અને તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

હિંદુ પક્ષના સ્થાનિક વકીલ ગોપાલ શર્માએ શુક્રવારે કહ્યું કે કોર્ટમાં દાખલ કરવામાં આવેલી તેમની અરજીમાં કહેવામાં આવ્યું છે કે 'બાબરનામા અને ઈન-એ-અકબરી પુસ્તકમાં એવો ઉલ્લેખ છે કે આજે જ્યાં જામા મસ્જિદ આવેલી છે, એક સમયે હરિહર મંદિર હતું.' તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ૧૫૨૯માં મુગલ સમ્રાટ બાબર દ્વારા મંદિરને તોડી પાડવામાં આવ્યું હતું. સમાજવાદી પાર્ટી (SP)ના સાંસદ ઝિયા ઉર રહેમાન બર્કે આ ઘટનાક્રમ સામે વાંધો વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું, 'સંભાલની જામા મસ્જિદ ઐતિહાસિક અને ઘણી જૂની છે. આ હિંસામાં અત્યાર સુધીમાં ૨ લોકોના મોત થયા છે. સીઓ અનુજ ચૌધરીએ આ વાતની પુષ્ટિ કરી છે. બસપા ચીફ માયાવતીએ આ મામલે પ્રશાસનને જવાબદાર ઠેરવતા કહ્યું કે આ બધું તેમની નિષ્ફળતાને કારણે થયું છે. જ્યારે સપા પ્રમુખ અખિલેશ યાદવે કહ્યું કે આ જાણી જોઈને કરવામાં આવ્યું છે.









## 'મા કે નામ' અભિયાને પાંચ મહિનામાં ૧૦૦ કરોડથી વધુ વૃક્ષનું કર્યુ વાવેતર : મોદી

નવીદિલ્હી,તા.૨૪



વડાપ્રધાન મોદીએ આજે મન કી બાત કાર્યક્રમના ૧૧૬મા એપિસોડને સંબોધિત કર્યો હતો. પીએમ મોદીનો મન કી બાત કાર્યક્રમ ૧૧ વિદેશી ભાષાઓ સિવાય ૨૨ ભારતીય ભાષાઓ અને ૨૯ બોલીઓમાં પ્રસારિત થયો છે. તેમણે કહ્યું, "થોડા મહિના પહેલા અમે વૃક્ષ માતાના નામે એક અભિયાન શરૂ કર્યું હતું. આ અભિયાને માત્ર પાંચ મહિનામાં ૧૦૦ કરોડ વૃક્ષો વાવવાનો માઈલસ્ટોન પાર કર્યો છે. તમને આ સાથે જોડાયેલી એક વધુ વાત જાણીને ગર્વ થશે કે આ અભિયાન હવે દુનિયાના અન્ય દેશોમાં પણ ફેલાઈ રહ્યું છે. આ અભિયાનમાં જોડાઈને કોઈપણ વ્યક્તિ પોતાની માતાના નામે એક વૃક્ષ વાવી શકે છે. આપણે આપણી માતાનું ઋણ ક્યારેય ચૂકવી શકતા નથી, પરંતુ એક વૃક્ષ વાવીને આપણે તેની હાજરીને જીવંત બનાવી શકીએ છીએ."













# રાજુલા નજીક ચારોડીયા ગામના મજૂર પરિવાર પર ઝેરી મધમાખીનો હુમલો

**૪ લોકોને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા**

રાજુલા, તા.૨૪

અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ઝેરી મધમાખીઓ લોકો ઉપર હુમલો કરતી હોય છે. અગાઉ અનેક વિદ્યાર્થીઓ ઉપર પણ ઝેરી મધમાખીઓએ હુમલો કરી ડંખ મારવાની ઘટનાઓ બની ચૂકી છે. ત્યારે રાજુલા તાલુકાના ચારોડીયા ગામ નજીક મજૂર પરિવાર ચાલીને જઈ રહ્યો હતો તે દરમિયાન ઝેરી મધમાખીના ઝુંડે પરિવાર ઉપર હુમલો કર્યો હતો. જેથી અફડાતફડી મચી હતી અને અન્ય લોકો પણ મદદ માટે દોડી આવ્યાં હતા. પરિવારના ૪ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં બે બાળકોનો સમાવેશ થાય છે. ઝેરી મધમાખીએ ડંખ મારતા ઈમરજન્સી ૧૦૮ની મદદથી રાજુલા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતા.


તસવીર : ગોપાલ રાઠોડ

# કૌશિક વેકરીયાએ વાંકાનેર તાલુકામાં સરકારમાંથી ૪ લાખની સહાય અપાવી

**સ્થાનિક ધારાસભ્ય જીતુભાઇ સોમાણીએ રજૂઆત કરતાં સહાય ચૂકવવામાં આવી**

અમરેલી, તા.૨૪

અમરેલીના ધારાસભ્ય અને નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ પોતાના મતક્ષેત્ર પુરતી કામગીરી મર્યાદિત ન રાખીને સમગ્ર રાજયમાં લોકોની મદદ માટે સરાહનીય કામગીરી કરી રહ્યા છે. તાજેતરમાં વાંકાનેરના માલસીકા ગામે ભાવેશ રાવતભાઈ ડાંગર નામના વ્યકિતનું મચ્છુ નદીમાં તણાઈ જવાથી મોત થતાં સ્થાનિક ધારાસભ્ય જીતુભાઈ સોમાણીએ રજૂઆત કરતાં મુખ્યમંત્રી ફંડમાંથી રૂા. ૪ લાખનો સહાયનો ચેક મૃતકના વારસદારોને અપાયો હતો. મામલતદાર સાનીયા, ટીડીઓ કોઢીયા, વાલજીભાઈ માંડણકા સહિત અધિકારીઓ હાજર રહ્યા હતાં, તેમ મનોજ જોશીની યાદીમાં જણાવેલ છે.



# સાવરકુંડલામાં ભાડાના બાકી પૈસા માંગતા ઢીકાપાટુ માર્યા

સાવરકુંડલા, તા.૨૪

સાવરકુંડલા શહેરમાં એક યુવકે ભાડાના બાકી પૈસા માંગતા તેમને ફટકારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે કાળુભાઈ સોમાભાઈ સરવૈયા (ઊવ.૨૬)એ ભુપતભાઈ હમીરભાઈ વીંઝુડા, અરવિંદભાઈ હમીરભાઈ વીંઝુડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે ભુપતભાઈ વીંઝુડાના મજૂર મુકવાનું ભાડું કર્યું હતું. જે ભાડાના બાકી પૈસા માગતા સારૂ નહોતું લાગ્યું અને તેમને તથા તેના ભાઈ ભુપતભાઈને ગાળો આપી શરીરે ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. તેમજ તેમના માતા જયાબેનને માર મારી મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ.એચ. કામળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સારહિ તપોવન આશ્રમમાં સેવાને સરનામે ઉમળકાભેર સત્સંગનો કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૨૪

અમરેલીમાં આવેલા સારહી તપોવન આશ્રમમાં તા. ૨૦-૧૧-૨૦૨૪ના રોજ એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં નગરપાલિકાના અધિકારી વિજયભાઈ ગોસાઈ સહ પરિવાર અને સારહી પરિવારના સભ્ય ભાવેશભાઈ વાળોદરા સહ પરિવાર આશ્રમમાં રહેતા તપસ્વીઓ સાથે જોડાયા હતા.

આ કાર્યક્રમમાં સારહી યુથ કલબ ઓફ અમરેલીના ટ્રસ્ટી સુરેશભાઈ શેખવા પણ ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહેમાનોએ તપસ્વીઓ સાથે સમય વિતાવ્યો અને ભોજનનો આનંદ માણ્યો હતો. સારહી યુથ કલબના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવારે આ કાર્યક્રમમાં આવેલા તમામ મહેમાનોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.



# વડીયાના ઈશ્વરીયા ગામે ટ્રેનના એન્જીન સાથે અથડાતાં બાળકીનું મોત

વડીયા, તા.૨૪

વડીયાના ઈશ્વરીયા ગામે વાડીએ રમતી એક બાળકીનું ટ્રેનના એન્જીન સાથે અથડાવાથી મોત થયું હતું. બનાવ અંગે મૂળ મધ્યપ્રદેશના ભાભરા તાલુકાના ટોકરીયા જીરણના અને હાલ ઈશ્વરીયા ગામે રહેતા નાનકભાઈ પુનાભાઈ મહીડા (ઉ.વ.૩૦)એ જાહેર કર્યા મુજબ, રાયના મહીડા (ઉ.વ.૨.૫ વર્ષ)વાડીના ખેતરમાં રમતી હતી ત્યારે રમતા રમતા રેલના પાટા પાસે આવી જતાં ટ્રેનનું એન્જીન નીકળતા તેની સાથે ભટકાઈ હતી. જેમાં માથાના ભાગે ગંભીર ઈજા થતા મોત થયું હતું. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી. ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલામાં કાલભૈરવદાદાની જન્મ જયંતીએ વિવિધ કાર્યક્રમો યોજાયા

**ભીમનાથ મહાદેવ મંદિર પરિવાર દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી**

ચલાલા, તા.૨૪

ચલાલામાં કાલભૈરવ દાદાની જન્મ જયંતીએ ભીમનાથ મહાદેવ મંદિર પરિવાર દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભીમનાથ મહાદેવ મંદિર દ્વારા ધૂપ, મહાઆરતી, પૂજન, ભોજન પ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ગુજરાત સરકારના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા, મીઠાપુરના સરપંચ ઉપેન્દ્ર વાળા સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.



**ભારે વાહનોને પ્રવેશબંધી હોવા છતાં જાહેરનામાનો ઉલાળીયો**

# રાજુલામાં મહુવા જકાતનાકા પાસે લકઝરી બસ ખાડામાં ફસાણી

**ઘટનાની જાણ થતાં લોકોનાં ટોળા એકત્રિત થયા**

રાજુલા, તા.૨૪

રાજુલામાં ભારે વાહનોને શહેરમાં પ્રવેશબંધી હોવા છતાં તેનો ખુલ્લેઆમ ભંગ થઈ રહ્યો છે અને જાહેરનામાનો ઉલાળીયો કરવામાં આવી રહ્યો છે. ત્યારે રાજુલા શહેરમાં મહુવા જકાતનાકા પાસે આજે સાંજના સમયે કુળદેવી ટ્રાવેલ્સ નામની બસ જે ઉનાથી સુરત જતી હતી જે રાજુલાથી સાંજના સાત કલાકે ઊપડી જે મહુવા જકાતનાકા પાસે પહોંચતા અચાનક સાઈડમાં ગટરના ખાડાના પાણીમાં આ બસ લટકી પડી હતી અને બસ લટકી પડતા બસના પેસેન્જરોમાં અફડા તફડી જોવા મળી હતી અને ભર શિયાળે પરસેવો જોવા મળ્યો હતો. આ ઘટના બનતા તમામ પેસેન્જરને સહી-સલામત નીચે ઉતારવામાં આવ્યા. આ ઘટનાના સમાચાર વાયુવેગે શહેરમાં પ્રસરતા ઘટનાસ્થળે લોકોના ટોળે ટોળા એકત્રિત થયા હતા. બસને કાઢવા માટે સતત બે કલાકની ભારે જહેમત બાદ ક્રેનની મદદથી આ બસને બહાર કાઢવામાં આવી હતી. શહેરમાં પ્રવેશબંધી હોવા છતાં ખુલ્લેઆમ ભારે વાહનો પ્રવેશી રહ્યા છે ત્યારે પોલીસ દ્વારા કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવું શહેરીજનો ઈચ્છી રહ્યાં છે.


તસવીર : ગોપાલ રાઠોડ

# ૩ વર્ષ પૂર્વે બનેલો આગરીયાથી વાવડી સુધીનો માર્ગ અતિ બિસ્માર હાલતમાં

**અનેક રજૂઆત બાદ પણ કોઈ ઉકેલ નહી આવતા લોકો હેરાન-પરેશાન**

રાજુલા, તા.૨૪

રાજુલાના આગરીયાથી વાવડી સુધીનો માર્ગ અતિ બિસ્માર બન્યો છે. ત્રણ વર્ષ પહેલા બનેલા રસ્તા પરથી ડામર ઉખડી જવાથી વાહન ચાલકો અને રાહદારીઓ હેરાન-પરેશાન છે. ઉપરાંત બિસ્માર રસ્તાના કારણે ૧૫ દિવસ બાદ એસ.ટી.ની સુવિધા પણ અહીં બંધ કરી દેવામાં આવશે. આમ, જો માર્ગ રિપેરીંગ કામ કરવામાં આવે તો ગામલોકોને પડતી હાલાકી દૂર થાય તેમ છે.

રાજુલા તાલુકાના વાવડી ગામમાં રૂખડ ભગતની જગ્યા આવેલી છે. અહીં મોટા આગરીયાથી વાવડી ત્રણ કિલોમીટર થાય છે. પરંતુ મોટા આગરીયાથી વાવડી સુધીનો માર્ગ અતિ બિસ્માર બન્યો છે. અહીંથી એસ.ટી. પસાર થઈ રહી છે. પરંતુ રસ્તા પરથી ડામર ગાયબ થઈ જતા મસમોટા ખાડાઓ સર્જાયા છે.

લોકો એસ.ટી. બસમાં પણ બેસી શકતા નથી. નાના વાહન ચાલકો સ્લીપ થઈ રહ્યા છે. જેના કારણે આગામી ૧૫ દિવસમાં રસ્તો રિપેરીંગ નહી કરાય તો એસ.ટી.ની સુવિધા બંધ કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. ગ્રામજનોની અનેક રજૂઆત બાદ પણ સમસ્યાનો ઉકેલ આવતો નથી.

# ભાજપની જીત થતાં બાબરા ભાજપમાં હરખની હેલી



બાબરા,તા.૨૪

મહારાષ્ટ વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય થયો હતો તેમજ યુપી અને વાવ વિધાનસભાની પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવારો વિજેતા જાહેર થયા હતા. આ તકે સમગ્ર ગુજરાતમાં વિજય ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. બાબરા શહેર ભાજપ અને તાલુકા ભાજપના હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ફટાકડા ફોડી જીતની ઉજવણી કરી હતી.





નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૭૪૮૨૭૩૦૦



Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com


-//મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં//-

**જાહેર નોટીસ**

નં.મરણ નોંધણી /અરજી નં.૫૮/૨૦૨૪

અરજદારશ્રીઃ- .......૧. દદુભાઈ એભલભાઈ લાલુ,
રે. એ.કે.રોડ ઝડફીયા સ્કુલ પાસે,સી-૨૩/૨૪ સૌરાષ્ટ્ર સોસાયટી વીભાગ બે,સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી ચરખડીયા તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણ નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતૃશ્રી રાજબાઈબેન એભલભાઈ લાલુનું મરણ તા.૨૯/૦૮/૧૯૯૮ ના રોજ મું.ચરખડીયા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૨/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**


મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314

અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી

ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી

શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?




મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# અમરેલી જિલ્લાના ખેડૂતોને એક સાથે ત્રણ બાજુથી માર

## ડીએપી સાથે નેનો યુરિયા લેવાની પડાતી ફરજ

**અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાંક સમયથી ખેડૂતોને ખાતર મેળવવા માટે મુશ્કેલી પડી રહી છે. ડીએપી ખાતર સાથે અન્ય ખાતર પણ કેટલાંક વિતરકો પધરાવી રહ્યા છે. ડીએપી ખાતર સાથે અન્ય ખાતરની થેલી ફરજિયાત નથી, તેવો કોઈ પરિપત્ર ન હોવા છતાં ખેડૂતોએ નાછૂટકે આ ખરીદવું પડે છે. જેને લઈ સાંસદ પણ રજૂઆત કરી ચૂક્યા છે.**



અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લામાં ખેડૂતો વિવિધ મુશ્કેલીઓ સામે લડી રહ્યા છે. જિલ્લામાં ખેડૂતોને ત્રણ બાજુથી માર પડ્યો છે, જેના કારણે તેમની હાલત પડ્યાં પર પાટું જેવી થઈ છે. જિલ્લામાં અતિવૃષ્ટિમાં અત્યાર સુધી સહાયના નામે મીંડું મળ્યું છે, શિયાળુ પાકના વાવેતર વખતે જ જિલ્લામાં ડીએપી ખાતરની અછત અને ફરજિયાત નેનો ખાતર લેવા ફરજ પાડવામાં આવી છે, તેમજ વેચાણ કરવા માટે મગફળી અને અન્ય પાકોને લઈ જતા ખેડૂતોને તંત્ર દ્વારા બિનજરૂરી રીતે કનડગત કરવામાં આવે છે.



નવરાત્રી આસપાસ પડેલા કમોસમી વરસાદથી અમરેલી જિલ્લામાં ખેતી પાકને મોટા પાયે નુકસાન થયું હતું. અનેક ગામડાઓમાં ખેડૂતોનો મગફળી, તલનો તૈયાર પાક પાણીમાં પલળી ગયો હતો. જિલ્લામાં માવઠાથી વ્યાપક નુકસાન થયું હતું. સરકાર દ્વારા જે રાહત પેકેજ જાહેર

**ધરતીપુત્રોને પડતી મુશ્કેલીની રજૂઆત કરવામાં જિલ્લાના નેતાઓ ઉણા ઉતર્યા**

કરવામાં આવ્યું હતું તેમાં અમરેલી જિલ્લાની બાદબાકી કરવામાં આવી હતી. ખેડૂતોના નામે રાજકારણ કરતાં કે ટીવી પડદા પર આવીને રાડો પાડતાં અમરેલી જિલ્લાના નેતાઓ હજુ સુધી આ મુદ્દે ખુલીને ખેડૂતોના સમર્થનમાં આવ્યા નથી. કમોસમી વરસાદથી અમરેલી જિલ્લામાં સૌથી વધારે બગસરા અને બાબરા તાલુકામાં ખેડૂતોને મોટી નુકસાની પહોંચી હતી.

હાલ જિલ્લામાં શિયાળુ પાકનું વાવેતર થઈ ગયું છે. આ પાકમાં ડીએપી ખાતરની જરૂર છે. પરંતુ ખાતરના અપૂરતા જથ્થાના કારણે લાઈનમાં ઉભા રહેવા છતાં ખાતર મળતું નથી. ઉપરાંત જિલ્લાના વિવિધ માર્કેટિંગ યાર્ડમાં જણસી વેચવા આવતા ધરતીપુત્રોને જીએસટી વિભાગ દ્વારા હેરાન કરવામાં આવે છે. આ મુદ્દે તાજેતરમાં સાંસદ ભરતભાઈ સુતરીયાએ અધિકારીઓને ખખડાવ્યા હતા.

## જિલ્લાના ખેડૂતોને સહાય નામનો લોલીપોપ

**કમોસમી વરસાદથી જિલ્લામાં મોટા પાયે નુકસાન થયું હોવા છતાં સહાયમાંથી જિલ્લાને બાકાત રાખવામાં આવ્યો હતો. તે સમયે જુલાઈ-ઓગસ્ટમાં થયેલા માવઠાથી નુકસાનનું વળતર જાહેર કરવામાં આવ્યું હોવાનું જણાવાયું હતું. પરંતુ આજ દિન સુધી ઓક્ટોબરમાં થયેલા માવઠાથી નુકસાન અંગે કોઈ જાહેરાત કરવામાં આવી નથી.**



અમરેલીમાં કોમર્સીયલ જગ્યા ભાડે આપવાની છે.
રેસ્ટોરેન્ટ ● હોસ્પિટલ ● પ્લે હાઉસ
વિગેરે માટે.....
મો.96011 11021

ઉત્સવ મીની મીલનું ફકત G20 ન અભિન (પલળીયા વગરની) સહપ્રનંદભાઈનું.... આપની નજર સામે જ....
G20 મગફળીનું અને તલનું તેલ ભરી આપીશું.
વડેરા-અમરેલી બન્ને જગ્યાએથી મળશે.
ઉત્સવ
મીની મીલ (ઘાણીનું તેલ)
સ્થળ:
ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ)
અમરેલી રાધેશ્યામ બાયપાસ ચોકડી ઉપર, અમરેલી
Mo. 94269 61006 | 98790 56605 | 99785 14133

# ચિતલમાં મંગળવારે ૧૧૧મા નેત્ર નિદાન કેમ્પનું કરાયું આયોજન

ચિતલ, તા.૨૪

સરસ્વતી વિદ્યા મંદિર, ચિતલ ખાતે આગામી તા.૨૬ નવેમ્બર, ૨૦૨૪ના રોજ મંગળવારે સવારે ૯ કલાકે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. રણછોડ દાસ હોસ્પિટલ, રાજકોટ અને વિદ્યા ભારતી ટ્રસ્ટ, ચિતલના સંયુક્ત ઉપક્રમે યોજાનાર આ ૧૧૧મા નેત્ર નિદાન કેમ્પમાં દેવળીયાના સંદીપભાઈ મગનભાઈ સાંનેપરા પરિવાર દ્વારા સહયોગ આપવામાં આવી રહ્યો છે.

વેપારી મંડળના પ્રમુખ સુખદેવસિંહજી સરવૈયાના અધ્યક્ષસ્થાને યોજાનાર આ કેમ્પનું ઉદ્‌ઘાટન વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા ઉપપ્રમુખ વિજયભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી શહેર અધ્યક્ષ પ્રતાપસિંહજી રાઠોડ અને યુવા કોળી સમાજ અમરેલીના સન્નીભાઈ ડાબસરા ખાસ ઉપસ્થિત રહેશે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

ગં.સ્વ.વનિતાબેન (ઉ.વ.૭૫) નું તા. ૨૪/૧૧/૨૦૨૪ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે કાનાભાઈ, તેજુભાઈ અને જીતેન્દ્રભાઈના મમ્મી, કુમુદબેન હિરેનકુમાર તથા કાજલબેન રાજેશકુમારના મમ્મી તથા હરગોવિંદદાસ, મનહરલાલ, વસંતભાઈ અને કિર્તીભાઈના ભાભી તથા ધનીબેન રસિકભાઈ પડધરીયા અને મંજુબેન હરસુખરાય, હસુબેન જશવંતરાયના ભાભી થાય છે. તેમની સાદડી તા.૨૫/૧૧/૨૦૨૪ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ વિશાશ્રીમાળી જૈન મહાજન વાડી, દેરાસર શેરી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
Raj Unisex Saloon Since:1996
● હેરકટ ● ટેટુઝ
● કેરાટીન ● શાઈનર
● હાઈલાઈટસ ● નેલ આર્ટ
● સ્મુથનીંગ ● ફેસીયલ વીથ હાઈડ્રા
● બોટોક્ષ ● બ્રાઈડલ મેકઅપ
● નેનો પ્લાસ્ટી ● હેર એકસટેન્શન
● હેર રીપ્લેસમેન્ટ
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

ડાઈનિંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
SHREE HARI PVC FURNITURE
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક:
9925084788
8200268079

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**

જન્મ / મરણ અરજી નં.૧૭૬/૨૦૨૪

અરજદાર :- શ્રી હમીરભાઈ જીવાભાઈ મકવાણા
સરનામું :- મું.વડલી તા.જાફરાબાદ, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી, વડલી
મું.વડલી તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વડલી** ગામના શ્રી હમીરભાઈ જીવાભાઈ મકવાણા એ તેમના દાદી નામે સ્વ.શ્રી જાહીબેન કરશનભાઈ મકવાણાનું મરણ તા.૧૦/૦૭/૧૯૮૦નાં રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **આર.બી. પટીયાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૩ માહે. ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૦૩/૧૦/૨૦૨૪
(કોર્ટનો સિક્કો)
સહી,
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલકસ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે
અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,
Mo.98242 65665

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**

જન્મ / મરણ અરજી નં.૧૮૫/૨૦૨૪

અરજદાર :- શ્રી ભાડકા સોમાતભાઈ ચનાભાઈ
સરનામું :- મું.ફાચરીયા તા.જાફરાબાદ, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી, ફાચરીયા
મું.ફાચરીયા તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ફાચરીયા** ગામના શ્રી ભાડકા સોમાતભાઈ ચનાભાઈએ તેમના પિતા નામે સ્વ.શ્રી ચનાભાઈ ભગવાનભાઈ ભાડકાનું મરણ તા.૨૦/૦૯/૨૦૦૨નાં રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **આર.બી. પટીયાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૪ માહે. ઓકટોમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૧૪/૧૦/૨૦૨૪
(કોર્ટનો સિક્કો)
સહી,
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

**અગાઉ ઉપરી અધિકારીની સૂચના છતાં ચાર દિવસથી અનેક રૂટ બંધ**

# બગસરા એસ.ટી. ડેપોના અધિકારીઓની તાનાશાહી યથાવત

બગસરા, તા.૨૪

બગસરા એસ.ટી. ડેપોમાં યોગ્ય વ્યવસ્થાના અભાવે મુસાફરો પરેશાન થઈ રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી દરરોજ ચારથી પાચ બસો બંધ જ રાખવામાં આવે છે. અગાઉ ઉચ્ચ અધિકારીની સૂચના છતાં એસ.ટી. ડેપોના અધિકારીઓ દ્વારા તાનાશાહી યથાવત રાખવામાં આવી છે. તાજેતરમાં જ અમરેલી જિલ્લા નિયામક દ્વારા મુલાકાત લેવામાં આવી હતી ત્યારે કડક શબ્દોમાં સૂચના આપવામાં આવી હતી કે જે કોઈ બસો બંધ છે તે ચાલુ કરવામાં આવે. પરંતુ ડેપો મેનેજર દ્વારા પોતાની મનમાની કરી રોજ માટે ૪ થી ૫ બસો બંધ રાખવામાં આવે છે. જયારે આજે વહેલી સવારની ૫:૩૦ કલાકે ઉપડતી બગસરા રાજકોટ વાયા જેતપુર અને વહેલી સવારે ૫:૩૦ કલાકે ઉપડતી બગસરા ભાવનગર તેમજ બગસરા રાવણી અને બગસરા મહુવા તેમજ બગસરા અમરેલી જેવા અનેક રૂટ બંધ કરવામાં આવતા મુસાફરો



તસવીર : હાર્દિક બામટા

પરેશાનીમાં મુકાયા હતા. અત્યારે લગ્નની સિઝન છે. ત્યારે આ કાયમી તમામ રૂટ બંધ કરવામાં આવ્યા છે. છેલ્લા ચાર દિવસથી બગસરા રાજકોટ વાયા જેતપુર તેમજ બગસરા થી ભાવનગર જેવા લાંબા તેમજ ભરચક ચાલતા રૂટ બંધ કરવામાં આવતા મુસાફરો પરેશાન થઈ ગયા છે. મળતી માહિતી મુજબ હાલમાં ડેપોમાં ૨૨ ડ્રાયવરો અને ૨૩ કંડક્ટરો રજા ઉપર છે તેમ જ ૮ જેટલાં કર્મચારીઓ બીમાર છે. તેમની અવેજીમાં અન્ય કામગીરીમાં મુકેલા કર્મચારીઓને રૂટ પર મુકવામાં આવે તો આ તમામ બસો ચાલુ રહી શકે. અનેક વખત એવું પણ જોવા મળે છે કે બસોમાં મુસાફરો બેસી ગયા હોય અને બસ બંધ કરવામાં આવે, આટલી હદે ખાડે ગયેલા અહીંના ડેપોના વહીવટથી મુસાફરો પરેશાન થઈ ગયા છે. ઉપરી અધિકારી અહીંના ડેપોની મુલાકાત લે અને કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.

# રાજુલામાં પોલીસ દ્વારા ટ્રાફિક ઝુંબેશ હાથ ધરાઈ : ૨૧ વાહન ડિટેઈન કર્યા

રાજુલા, તા.૨૪

રાજુલામાં પાછલા ઘણા સમયથી ટ્રાફિકની સમસ્યા માથાના દુ:ખાવારૂપ બની હોય આજે પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ હાથ ધરાઈ હતી. પોલીસે અહી ૨૧ વાહન ડિટેઈન કર્યા હતા અને ૨૭૨ એનસી કેસ સાથે ૯૯૨૦૦નો દંડ વસુલાયો હતો. શહેરમાં ટ્રાફિકના નિયમોનું વાહન ચાલકો ઉલ્લંઘન કરતા હોય અને માર્ગ પર બેફામ વાહનો દોડાવી રહ્યાં હોય પીઆઈ કોલાદરાના માર્ગદર્શન હેઠળ ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરાયુ હતું. અહીના એસ.ટી. વિસ્તાર, હવેલી ચોક, હોસ્પિટલ ચોક, ચારનાળા સહિતના વિસ્તારમાં આ ઝુંબેશ હાથ ધરાઈ હતી. પોલીસે લાયસન્સ વગર વાહન ચલાવતા ચાલકો તેમજ આડેધડ પાર્કિંગ કરતા વાહન ચાલકો સામે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે અહી ૨૭૨ એનસી કેસ કરી ૨૧ વાહન ડિટેઈન કર્યા હતા અને ૯૯૨૦૦ના દંડની વસુલાત કરી હતી. પોલીસે બજારમાં દુકાનદારોને પણ સૂચના આપી દુકાન આગળ કોઈ લારી ધારકોને ભાડે ઉભા રહેવા ન દેવા જણાવ્યું હતું. એસ.ટી. બસ સ્ટેન્ડ આગળથી ખાનગી વાહન ચાલકોને પણ હટાવી દેવામાં આવે તેવુ લોકો ઈચ્છી રહ્યાં છે.

# બગસરા મુંજીયાસર રોડ પાસેથી રેશનીંગનો ૩૫૨૨ કિલોગ્રામ ચોખાનો જથ્થો ઝડપાયો

**બીલખાના યુવક સામે ફરિયાદ, કુલ રૂા.૨,૪૮,૬૨૨નો મુદ્દામાલ ઝડપાયો**

અમરેલી, તા.૨૪

બગસરા-મુંજીયાસર રોડ ઉપર આવેલ અટલજી પાર્ક સર્કલ પાસેથી રેશનીંગના ચોખાનો મોટો જથ્થો ઝડપાયો હતો. બગસરા મામલતદાર પ્રશાંત ભીંડી (ઉ.વ.૫૬) એ બીલખાના સમીરભાઈ ઓસમાણભાઈ ચૌહાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, સરકારની જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વિતરણ કરવામાં આવતા ચોખાનો જથ્થો ૩૫૨૨.૨૨ કિ.ગ્રા. જેની કિંમત રૂ.૯૮,૬૨૨ તથા અશોક લેલન્ડ વાહન મળી કુલ રૂ.૨,૪૮,૬૨૨ ના મુદ્દામાલ સાથે આરોપી ઝડપાયો હતો. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. એચ. મીંગ વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં મામલતદારોનું સુંદરકાંડ પરિવાર દ્વારા સન્માન કરવામાં આવ્યું

**મામલતદાર પ્રશાંત ભીંડી અને નિલેશ વિસાણીએ આભાર માન્યો**

અમરેલી,તા.૨૪


બગસરા સુંદરકાંડ પરિવાર દ્વારા ગુરૂકૃપા શીતલ આઈસ્ક્રીમના ગોડાઉન ખાતે કાર્યક્રમ યોજાયો હતો જેમાં બગસરા મામલતદાર તરીકે બગસરાના જ વતની પ્રશાંતભાઈ ભીંડીને બગસરા મામલતદાર તરીકે બદલી પામતા સુંદરકાંડ પરિવારના પ્રમુખ કિરીટભાઈ મોદીએ સ્વાગત કરી ફૂલહાર અને શાલ ઓઢાડી સન્માનિત



કરવામાં આવ્યા હતા તેમજ બગસરા મામલતદાર ઓફિસમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા અને સુંદરકાંડ પરિવારના નિલેશભાઈ વિસાણીને બઢતી સાથે મામલતદાર તરીકે મેંદરડા બદલી થતાં તેમને સુંદરકાંડ પરિવારના પાણીયાથી જગુભાઈ આહિર, નિકુંજ લક્કડ સહિતનાઓએ ફુલહાર અને શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું.

# સાવરકુંડલાના ગુરૂકુળના વિદ્યાર્થીએ જાપાનમાં અન્ડર ૧૨ બેઝબોલ સ્પર્ધામાં ભાગ લીધો

**સાવરકુંડલા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળના વિદ્યાર્થી પરમ ધર્મેશભાઈ ચુડાસમાએ નામ રોશન કર્યુ**



સાવરકુંડલા, તા.૨૪

જાપાનના મત્સુયામા અને ઈમ્બારી શહેરમાં ૨૩થી ૨૯ નવેમ્બર દરમિયાન અન્ડર-૧૨ એશિયન બેઝબોલ ચેમ્પિયનશિપ ફેડરેશન ઓફ ઈન્ડિયાનાં નેજા હેઠળ બેઝબોલ સ્પર્ધાનું આયોજન થયું છે. આ આંતરરાષ્ટ્રિય સ્પર્ધામાં સાવરકુંડલા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળના વિદ્યાર્થી પરમ ધર્મેશભાઈ ચુડાસમાની ટીમ ઈન્ડિયામાં પસંદગી થઈ છે. તેઓ આ સ્પર્ધામાં ભાગ લેવા ગયેલ છે. તેઓ ઈન્દોર ખાતે ટ્રેનીંગ લેવા ગયેલા ત્યાંથી તે ૧૯ નવેમ્બરના રોજ જાપાન ગયેલ છે. તેઓ સ્પર્ધામાં સામેલ થયેલ છે, જે માત્ર ગુરૂકુળનું જ નહી પરંતુ સાવરકુંડલાનું ગૌરવ વધારેલ છે. ગુરૂકુળ સંસ્થાના વડા પૂજ્ય ભગવત પ્રસાદદાસજી સ્વામી તથા ગુરુકુળનાં પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામી તથા કોઠારી સ્વામી શ્રી અક્ષર મુક્ત સ્વામી, શાળાના ટ્રસ્ટીઓ તેમજ વિવિધ શાળાનાં પ્રિન્સિપાલ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા. આ તકે સાવરકુંડલા અને લીલીયા મતવિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત બેઝબોલના પ્રમુખ મહેશભાઈ કસવાળા, બેઝબોલ ફેડરેશન ઓફ ગુજરાતના સેક્રેટરી અનિકેતભાઈ, ફેડરેશનના હોદ્દેદારો અને શાળાના વ્યાયામ શિક્ષકો વાળા દીપકભાઈ તેમજ ઝાલા દિગ્વિજયસિંહે અભિનંદન પાઠવ્યા હતા.

# ચલાલામાં નાનાભાઈના પ્રેમલગ્નનો ખાર રાખી મોટાભાઈ પર હુમલો

ચલાલા, તા.૨૪

ચલાલામાં નાનાભાઈએ કરેલા પ્રેમલગ્નનો ખાર રાખી મોટાભાઈ પર હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ અંગે કૌશિકભાઈ નારણભાઈ ખેતરીયા (ઉ.વ.૨૪) એ મધુભાઈ જીવાભાઈ દાફડા, મુકતાબેન મધુભાઈ જીવાભાઈ દાફડા, સંગીતાબેન મધુભાઈ દાફડા, કાજલબેન મધુભાઈ દાફડા, બાવભાઈ વાલાભાઈ રાઠોડ તથા જીવાભાઈ બિજલભાઈ દાફડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના નાનાભાઈ સાહેદએ મધુભાઈ દાફડાના મોટાભાઈની દીકરી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. જે બાબતનો ખાર રાખી આરોપીઓ બોલાચાલી કરતા હતા. તે દરમિયાન તેમણે ઝઘડો નહી કરવા સમજાવતા શરીરે આડેધડ માર મારી મુંઢ ઈજા પહોચાડી, જેમફાવે તેમ ગાળો આપી હતી. જે બાદ સંગીતાબેન મધુભાઈ દાફડા (ઉ.વ.૨૦)એ હાર્દિકભાઈ નારણભાઈ ખેતરીયા, કૌશિકભાઈ નારણભાઈ ખેતરીયા સહિત ચાર લોકો સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની છેડતીનો કેસ કોર્ટમાં ચાલતો હતો તેમાં તેના પિતાએ સમાધાન કરી લેતાં તેમને તથા સાહેદોને ગાળો આપી, આડેધડ માર માર્યો હતો. જીવતા રહેશો તો ફરિયાદ કરશો તેવી ગર્ભિત ધમકી પણ આપી હતી.

# લાઠીના ભુરખીયા ગામે રસ્તામાં ચાલવાની ના પાડી યુવકને જાનથી મારવાની ધમકી આપી

લાઠી, તા.૨૪

લાઠીના ભુરખીયા ગામે રહેતા એક યુવકને રસ્તામાં ચાલવાની ના પાડીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે મુકેશભાઈ મનજીભાઈ વાણીયાએ અનીલભાઈ જગદીશભાઈ ગોહિલ, સેજલબેન અનીલભાઈ ગોહિલ, ચંપાબેન નકુભાઈ વછાણી, ચંદ્રીકાબેન જગદીશભાઈ ગોહિલ, ભુરાભાઈ કલાભાઈ વછાણી, લાલજીભાઈ ભુરાભાઈ વછાણી, બીપીનભાઈ ભુરાભાઈ વછાણી તથા હંસાબેન ભુરાભાઈ વછાણી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના ઘરની બાજુમાં રહેતા અનીલભાઈ ગોહિલ નવું મકાન બનાવતા હતા. તેમના મકાનની સામે બજારમાં તેમના ઘરની ડેલી પડતી હતી. જે શેરીમાંથી તેઓ તથા તેના પરિવારના સભ્યો ચાલતા હોવાથી આ વાત ગમતી ન હોવાથી બેફામ ગાળો આપી હતી. તેમને તથા તેના પરિવારના સભ્યોને ઘરની પાસે આવેલ જાહેર જગ્યામાં ચાલવાની ના પાડી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: દશમ
તા. ૨૫-૧૧-૨૦૨૪, સોમવાર, સૂર્યોદય-૦૬:૫૨,
સૂર્યાસ્ત-૦૫:૨૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તર ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

**તા.૨૫-૧૧-૨૦૨૪ સોમવાર**

મેષ: આજનો દિવસ એક મહત્વપૂર્ણ દિવસ છે અને શક્ય છે કે તમે આજે કોઈ મોટો નિર્ણય લઈ શકો છો. આજે એવું થઈ શકે છે.

વૃષભ: દિવસની શરૂઆત તમારા માટે થોડી પ્રતિકૂળ હોઈ શકે છે. સંભવ છે કે તમે કુટુંબના સભ્ય અથવા બાળકને લગતી કોઈ બાબતથી નાખુશ હશો.

મિથુન: તમારા કેટલાક લોકો તમારી ચિંતા પણ વધારી શકે છે. કાર્યક્ષેત્રમાં કેટલાક મોટા ફેરફારો શક્ય છે જે તમારા હિતમાં ન હોઈ શકે અથવા તમને તે ગમશે નહીં.

કર્ક: આજનો દિવસ તમારા માટે શુભ છે. ઓફિસ અને સમાજમાંના લોકોમાં તમને આદર મળશે અને તમારી કામ કરવાની રીતથી લોકો પ્રભાવિત થશે.

સિંહ: આજે કેટલીક માહિતી મેળવવાનો દિવસ રહેશે અને તમારી બૌદ્ધિક ક્ષમતામાં વધારો થશે. આજે સારા લોકો સાથેની તમારી મુલાકાત તમને લાભ આપી શકે છે.

કન્યા: આજે શક્ય છે કે તમારો પ્રતિકૂળ સમય સવારથી જ શરૂ થઈ જાય. તમે ફરીથી નવી ઊર્જાથી તમારા અધૂરા કાર્યોનો સામનો કરશો.

તુલા: તમારા માટે આજનો દિવસ થોડો મુશ્કેલ હોઈ શકે છે. કોઈ નિરર્થક વસ્તુનો ભય અથવા ડર તમારા મગજમાં ખલેલ પહોંચાડી શકે છે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે સામાન્ય છે અને નોકરી અને ધંધામાં બધુ સારું રહેશે. વ્યવસાયની સ્થિતિમાં સુધાર થશે.

ધન: આજનો દિવસ તમારા માટે સારો છે. આજે કેટલાક કામ તમારા વિચાર વિરોધી હોઈ શકે છે. તમારો વિશ્વાસ કરનારા કોઈ તમને છેતરી શકે છે.

મકર: આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે અને તમારો મૂડ પણ આજે સારો રહેશે. આજે જે લોકો તમારું સારું ઇચ્છે છે તે તમારી આસપાસ દેખાશે.

કુંભ: આજે તમારું સ્વાસ્થ્ય સારું નહીં રહે અને શક્ય છે કે દિવસના પહેલા ભાગમાં એક સાથે ઘણું કામ તમારી સામે આવી શકે છે.

મીન: આજે તમારા કાર્ય માટે અનુકૂળ દિવસ છે. જો તમે તમારા વ્યવસાય સાથે સંબંધિત કોઈ કરાર અથવા લેખન કરવા માંગતા હોવ તે આજે ટાળો.


અરોમા પ્રિમીયમ બોડી સ્પા
ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
ધમાકા ઓફર

લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે,
કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧



ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર


ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.


### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૮૯ /૨૦૨૪

અરજદાર: શ્રી રહીમા વલીદ હબસી
સરનામુ: મું.જાફરાબાદ તા.જાફરાબાદ જી અમરેલી
હાલ રે.હાજીહલી સાહેબ મંજીલ એપાર્ટમેન્ટ,રૂમ નં.૪૦૧
ગોપચરપાડા દરગાહની બાજુમાં,મંસુરી નગર, વિરાર પાલઘર
મહારાષ્ટ્ર-૪૦૧૩૦૫

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને
ચીફ ઓફીસરશ્રી-જાફરાબાદ
મું. જાફરાબાદ તા. જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના શ્રી **રહીમા વલીદ હબસી** એ તેમના **પતિ નામે સ્વ. શ્રી વલીદ મહમદમૈયા હબસી નું મરણ** તા.૧૯/૧૨/૧૯૯૦ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી આર.બી.પઢીયાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૧ માહે .નવેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૧/૧૧/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૧૩૯/૨૦૨૪

અરજદાર :- શ્રી સાંખટ લાખાભાઈ ભગાભાઈ
સરનામું :- મું.દુધાળા તા.જાફરાબાદ, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી,દુધાળા
મું.દુધાળા, તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના દુધાળા** ગામના શ્રી સાંખટનો લાખાભાઈ ભગાભાઈ એ તેમની પુત્રીનામે શ્રી ભાનુબેન લાખાભાઈ સાંખટ જન્મ તા.૧૫/૦૫/૧૯૯૭ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **આર.બી.પઢીયાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ**નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૩ માહે. **ઓકટોમ્બર** સને. **૨૦૨૪** નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- 03/૧૦/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી,**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૧૩૮/૨૦૨૪

અરજદાર :- શ્રી પોલાભાઈ કાનાભાઈ સોલંકી
સરનામું :- મું.બાલકૃષ્ણ સોસાયટી, જાફરાબાદ તા.જાફરાબાદ, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
ચીફ ઓફીસરશ્રી, નગરપાલીકા
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના શ્રી પોલાભાઈ કાનાભાઈ સોલંકી એ તેમના માતા નામે સ્વ.શ્રી મણીબેન કાનાભાઈ સોલંકીનું મરણ તા.૨૩/૦૫/૨૦૦૩નાં રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **આર.બી. પઢીયાર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૩ માહે. **ઓકટોમ્બર** સને. **૨૦૨૪** નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- 03/૧૦/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી,**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તંત્રી લેખ**

# વિશ્વયુદ્ધના ભણકારા

બીજા વિશ્વયુદ્ધની ભયાનક તબાહી બાદ વિશ્વના દેશોએ એવું નક્કી કર્યું કે હવે પછી આવું યુદ્ધ ના થવું જોઈએ. આમ છતાં વિશ્વના અડધો-અડધ દેશો વચ્ચે યુદ્ધ જેવો માહોલ છે. એમાં પણ યુક્રેન યુદ્ધને હજાર દિવસ પૂરા થયા છે. આવી જ રીતે ખાડીના દેશોમાં યુદ્ધનો સમયગાળો લંબાતો જાય છે. આ તબાહીમાંથી વિશ્વને ઉગારવાનો કોઈ રસ્તો અત્યારે જડતો નથી. યુનોના પ્રયાસો પણ સફળ થતાં હોય તેવું લાગતું નથી. આજની તારીખે સમગ્ર દુનિયા એક વિનાશક યુદ્ધ તરફ ગતિ કરી રહી છે. આજે વિશ્વના મોટાભાગના દેશો બે જૂથમાં વહેંચાઈ ગયા છે. એક જૂથ રશિયા તરફી અને બીજું નાટો તરફી.રાષ્ટ્રપતિ બાઈડેને સત્તા છોડતા પહેલા નાટો દેશોને રશિયા પર ઘાતક હથિયારથી હુમલો કરવાની છૂટ આપી દીધી છે. પરિણામે સમગ્ર વિશ્વ એક મહાયુદ્ધ તરફ ઝડપથી ધસી રહ્યું છે. જેના પ્રથમ પગલાં તરીકે યુક્રેને અમેરિકન મિસાઈલ્સનો એટેક કરતા રશિયાએ નાટો દેશોને સીધી ધમકી આપી છે કે જો આ પ્રકારની હરકત કરવામાં આવશે તો રશિયા યુક્રેન પર તેમજ નાટો દેશો પર અણુ હુમલો કરતા એક ક્ષણનો પણ વિચાર નહીં કરે. આ નિવેદન પછી વિશ્વની અંદર તણાવ વધી ગયો છે, અને સમગ્ર વિશ્વ એક મહાયુદ્ધને આરે આવીને ઉભું રહી ગયુ છે. અમેરિકન અધિકારીઓનું કહેવું છે કે રાષ્ટ્રપતિ બાઈડને રશિયન પ્રદેશમાં લાંબા અંતરની ATACMS મિસાઈલ્સ છોડવાની પરવાનગી યુક્રેનને આપી છે. રશિયામાંના ટાર્ગેટ્સ પર સ્ટોર્મ શેડો મિસાઈલ્સનો ઉપયોગ પણ થઈ શકે છે, એવું કહીને બ્રિટન તથા ફ્રાન્સ પણ અમેરિકાને અનુસરશે એવું માનવામાં આવે છે. પશ્ચિમી દેશોએ યુક્રેનને હવે ૧૦૦ અબજ ડૉલરથી વધુ કિંમતનાં શસ્ત્રો અને ઉપકરણોનું દાન કર્યું છે. સૌથી વધુ લશ્કરી સહાય કોણે આપી છે તો તેના પ્રશ્નમાં જણાવવાનું કે અમેરિકા યુક્રેનનું સૌથી મોટું શસ્ત્ર સપ્લાયર છે. અમેરિકાએ ફેબ્રુઆરી ૨૦૨૨ અને ઑગસ્ટ ૨૦૨૪ દરમિયાન યુક્રેનને ૬૧.૧ અબજ ડૉલરની અને નેધરલૅન્ડ્સે ૫.૫ અબજ ડૉલરની સૈન્ય સહાય આપી છે. જોકે, કીલ ઇન્સ્ટિટ્યૂટે ચેતવણી આપી છે કે યુક્રેનને મળતી સહાયમાં ૨૦૨૫માં "નોંધપાત્ર ઘટાડો" થઈ શકે છે, જે સૂચવે છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ જાન્યુઆરીમાં પદભાર સંભાળશે પછી તેઓ અમેરિકાના યોગદાનમાં ઘટાડો કરી શકે છે. તેમાં બ્રિટનના શોર્ટ રેન્જના ઍન્ટિ-ઍરક્રાફ્ટ હથિયાર સ્ટ્રારસ્ટ્રીકથી માંડીને પેટ્રિએટ મિસાઈલ સિસ્ટમ્સ સુધીનાં સાધનોનો સમાવેશ થાય છે. પેટ્રિએટ મિસાઈલ સિસ્ટમ ઑપરેટ કરવાનું ખર્ચાળ છે. તેની એક મિસાઈલની કિંમત આશરે ૩૦ લાખ ડૉલર છે. અમેરિકા અને નૉર્વેએ પણ નૅશનલ ઍડવાન્સ્ડ સરફેસ-ટુ-ઍર મિસાઈલ સિસ્ટમ Nasams પ્રદાન કરી છે. જર્મનીએ યુક્રેનને આઈરીસ-ટી ઑફર કરી છે. અમેરિકાએ જુલાઈ ૨૦૨૩માં જણાવ્યું હતું કે સંરક્ષણાત્મક સ્થળોએથી રશિયન સૈનિકોને હટાવવા માટે તેણે યુક્રેનને ક્લસ્ટર બૉમ્બ પૂરા પાડ્યા હતા. આ શસ્ત્રો મોટાભાગે આર્ટિલરી શેલ્સના સ્વરૂપમાં આપવામાં આવે છે. તેમાં અનેક બૉમ્બલેટ્સ હોય છે અને તેના ઉપયોગને લીધે નાગરિકો માટે જોખમ સર્જાતું હોવાથી ૧૦૦થી વધુ દેશોએ તેના પર પ્રતિબંધ મૂક્યો છે. આમ રશિયા સામે બાથ ભીડવા માટે ખૂબ મોટી સહાયતા પ્રાપ્ત થઈ રહી છે. આમ છતાં રશિયા એટલું તાકાતવાર છે કે તે નાટો દેશોને પણ ધમકી આપીને ડરાવી રહ્યું છે અને પુતિન કોઈપણ ક્ષણે અણુ હુમલાનું લાલ બટન દબાવી દે તેવી શક્યતા હોવાથી સૌ કોઈ તેનાથી કોઈ ભયભીત છે.

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગણિતનું માર્ગદર્શન

**(૩) ઘાતના ઘાતનો નિયમ**

$(2^3)^2$ નો અર્થ $(2^3)$નો બે વખત ગુણાકાર થાય

$(2^3)^2 = 2^3 \times 2^3 = 2^6$ (ગુણાકારના નિયમનો ઉપયોગ કરતા)

તેથી $(2^3)^2 = 2^{3x2} = 2^6$

તેવી જ રીતે $(3^2)^4 = 3^{2x4} = 3^8$ આ ઉપરથી આપણે તારવી કે, શૂન્ય સિવાયના પૂર્ણાંક a માટે જ્યાં m અને n પૂર્ણાંક છે.

તેથી $(a^m)^n = a^{mxn} = a^{mn}$

ઉ.દા.$(5^2)$x3 અને $(5^2)^3$ માંથી કયુ પદ મોટુ છે તે કહી શકશો?

$(5^2)$x3 માં $5^2$નો 3 સાથે ગુણાકાર એટલે કે 5x5x3 = 75

પરંતુ $(5^2)^3$નો અર્થ $5^2$નો પોતાની સાથે ત્રણ વખત ગુણાકાર થશે $5^2 x 5^2 x 5^2 = 5^6$ (તેથી ગુણાકારનો નિયમ)

તેથી $5^6 = 15625$ થાય.

**(૩) ભાગાકારનાં ઘાત(સરખા ઘાતાંકવાળી સંખ્યાનો ભાગાકાર)નો નિયમ**

સમજૂતિ- $\frac{2^4}{3^4} = \frac{2x2x2x2}{3x3x3x3} = \frac{2}{3} x \frac{2}{3} x \frac{2}{3} x \frac{2}{3} = (\frac{2}{3})^4$

તેવી જ રીતે $\frac{a^3}{b^3} = \frac{axaxa}{bxbxb} = (\frac{a}{b}) x (\frac{a}{b}) x (\frac{a}{b}) = (\frac{a}{b})^3$

ઉદાહરણો ઉપરથી આપણે તારવી શકીએ કે

$\frac{a^m}{b^m} \div b^m = \frac{a^m}{b} = (\frac{a}{b})^m$ જ્યાં a અને b શૂન્ય સિવાયનાં પૂર્ણાંક છે અને m એ પૂર્ણ સંખ્યા છે.

હવે કેટલાક સ્વઅધ્યયન માટેના દાખલા -

જવાબ રકમનાં અંતે ચોરસ કૌંસમાં આપેલા છે.

**(૧) ઘાતાંકનાં નિયમોનો ઉપયોગ કરી સાદુરૂપ આપો અને જવાબને ઘાત સ્વરૂપે દર્શાવો.**

(i) $(5^2)^3 \div 5^3$ [$5^3$] (ii) $(3^4)^3$ [$3^{12}$] (iii) $(2^{20} \div 2^{15}) x 2^3$ [$2^8$]

(iv) $8^{10} \div 8^2$ [$8^6$]

**(૨) સાદુરૂપ આપી નીચેના દરેકને ઘાત સ્વરૂપે દર્શાવો.**

(i) $[(5^2)^3 x 5^4] \div 5^7$ [$5^3$]

(ii) $\frac{2^8 x a^5}{4^3 x a^3}$ [$2a^2$]

(iii) $(\frac{a^5}{a^3}) x a^8$ [$a^{10}$]

**(૩) ખરા છે કે ખોટા તે કહો.**

(i) $10x10^{11}=100^{11}$ [x] (iii) $2^3 > 5^2$ [x]

(ii) $2^3 x 3^2 = 6^5$ [x]

(૪) ગુણાકારને અવિભાજ્ય અવયવ પાડીને ઘાત સ્વરૂપે દર્શાવો.

(i) 729x64 [$3^6 x 2^6$]

(ii) 764 [$2^8$x3]

**હવે આપણે ભાગાકારના નિયમમાં આગળ જોઈએ.**

● $3^5/ 3^5$ = ? અહીં m=n=5 (m= અંશનો ઘાતાંક, n= છેદનો ઘાતાંક)

આ પ્રશ્નનો જવાબ તમે સહેલાઈથી આપી શકશો.

આમ $a^0 = 1$ (શૂન્ય સિવાયના પૂર્ણાંક a માટે)

આ પ્રકરણમાં ઉદાહરણોમાં આધાર તરીકે પૂર્ણાંક સંખ્યાઓ લીધેલ છે. પરંતુ આધાર તરીકે સંમેય સંખ્યા હોય તો પણ નિયમો લાગુ પડે છે.

● વિશાળ સંખ્યાઓને પ્રમાણભૂત સ્વરૂપમાં દર્શાવવી.



આપણે અગાઉ દશાંશ પધ્ધતિ(સંખ્યાઓને 10ના ઘાતમાં દર્શાવવી) શીખી ગયા છીએ, હવે નીચેની સંખ્યાઓનું અવલોકન કરો.

59 = 5.9 x 10 = $5.9x10^1$

590=5.9x100 = $5.9x10^2$

590 = 5-9x1000 = $5.9x10^3$

59000=5.9x10000 = $5.9x10^4$

કોઈ સંખ્યાને (1 અને 10 વચ્ચેની દશાંશ સંખ્યા x10નો ઘાત) એ સ્વરૂપમાં દર્શાવી શકીએ જેને સંખ્યાનું <u>પ્રમાણભૂત સ્વરૂપ</u> કહે છે.

અહીં આપણે જાણીશું કે → કોઈ સંખ્યાને પ્રમાણભૂત સંખ્યામાં ફેરવવી હોય તો, દશાંશચિન્હની ડાબી બાજુ જેટલા અંકો હોય તેના કરતા એક અંક ઓછો ઘાતાંકમાં આવશે.

ઉદા. તરીકે...

70,040,000,000માં દશાંશ ચિન્હ દેખાતું નથી, તેથી તે જમણી બાજુના છેડે છે. ત્યાંથી ડાબી બાજુના અંકોની સંખ્યા 11(અગીયાર) છે. તેથી તેના પ્રમાણિત સ્વરૂપમાં 10ના ઘાતાંક 11-1=10 આવશે.

**● ભાગાકારનાં નિયમનો(છેલ્લો) ત્રીજો ભાગ...(ૠણપૂર્ણાંક માટે) એ સમજવા માટે કેટલાક ઉદાહરણો જોઈએ**

| ઘાત | $10^0$ | $10^1$ | $10^2$ | $10^3$ | $10^4$ |
|---|---|---|---|---|---|
| કિંમત | 1 | 10 | 100 | 1000 | 10000 |

એવી જ રીતે

| ઘાત | $3^{-1}$ | $3^0$ | $3^1$ | $3^2$ | $3^3$ | $3^4$ |
|---|---|---|---|---|---|---|
| કિંમત | ? | 1 | 3 | 9 | 27 | 81 |

**કારકિર્દી માર્ગદર્શન**

- અમરેલી ગણિત વર્તુળ
પ્રિ.એચ.એલ. પટેલ
મો. ૯૪૨૮૭ ૯૭૭૦૩

ઉપરના બંને ઉદાહરણોમાં આપણે જોયું કે ઘાતાંકમાં 1નો ઘટાડો કરતા તેની કિંમતમાં તે કિંમતને આધાર સાથે ભાગાકાર કરી મળતી કિંમત થશે. એટલે કે <u>કોઈ આધારનો ઘાતાંક 0(શૂન્ય) લઈએ તો તેની કિંમત 1 જ થશે</u>, આથી આ મુજબ જ આગળ વધીએ તો કોઈ આધારનો ઘાતાંક -1 (ૠણ)ની કિંમત 1ના છેદમાં તે આધારનો ઘાતાંક લઈએ તેટલી થાય.

દા.ત.

$10^{-1} = \frac{1}{10}, 3^{-1} = \frac{1}{3}, 9^{-1} = \frac{1}{9},$

વ્યાપક રીતે.. કોઈપણ શૂન્યેતર પૂર્ણાંક a માટે $a^{-m} = \frac{1}{a^m}$ જ્યાં m એક ધનપૂર્ણાંક છે ઉપરાંત $a^{-m}$ એ $a^m$નો વ્યસ્ત છે.

**ઉદા.-૧ સાદુરૂપ આપો અને જવાબને ઘાત સ્વરૂપે દર્શાવો.**

$(-3)^4 x (\frac{5}{3})^4 = (-1x3)^4 x \frac{5^4}{3^4} = (-1)^4 x 3^4 x \frac{5^4}{3^4} = (-1)^4 x 5^4 = 5^4$

**ઉદા.-૨** જો $(-3)^{m+1} x (-3)^5 = (-3)^7$હોય તો mની કિંમત શોધો

તેથી $(-3)^{m+1+5} = (-3)^7$


તેથી $(-3)^{m+6} = (-3)^7$ (આધાર સરખા હોવાથી ઘાતાંક પણ સરખા થાય)

તેથી m+6 = 7

તેથી m=1

# હોય અનુકૂળ કે પ્રતિકૂળ સંજોગો, સહનશક્તિ ખૂબ જરૂરી હોય છે

જીવન જીવવાની શક્તિ કુદરત દરેક જીવને આપે છે. પણ જીવન મળ્યા પછી પરિસ્થિતિને અનુકૂળ થઈને કેમ જીવન જીવવું એ દરેકની પોતાની સહનશક્તિ પર આધાર રાખે છે. પૃથ્વી પરના દરેક જીવની જીવનશૈલી અલગ અલગ હોય છે. કેટલીય જાતિ, પ્રજાતિઓ વચ્ચે વહેંચાયેલ માનવ સમુદાયની જીવનશૈલી પણ પ્રાંત, વિસ્તાર, દેશ, કાળ મુજબ નોખી નોખી હોય છે. દરેકના માટે ભૌગોલિક પરિસ્થિતિ અને સંસાધનો તેમજ આબોહવા કે હવામાન પણ અલગ અલગ હોય છે. દરેકના ખોરાક, પોશાક, રહેઠાણ અને રીતરિવાજ એ મુજબ ગોઠવાયેલ હોય છે. માનવ શરીરની આંતરિક રચના એક સરખી હોય છે પણ બાહ્ય દેખાવ દેશકાળ મુજબ બદલાતા હોય છે. આટલી બધી વિવિધતાની વચ્ચે પણ એક સરખી માન્યતા, રિવાજ, રૂઢિ મુજબના સમુદાયમાં રહેતો માણસ એકબીજા સાથે વ્યવસ્થિત તાલમેલ સાથે રહી શકે એ માટેની એક આંતરિક શક્તિ દરેકમાં પડેલી હોય છે અને એનું નામ છે અનુકૂલન શક્તિ જેને આપણે સહનશક્તિ તરીકે પણ ઓળખીએ છીએ. એક બીજા સમુદાય સાથે તાલમેલ, વ્યવહાર વિનિમય દરેકમાં અનુકૂલન સાધવામાં ક્યારેક થોડી જાજી અગવડતાઓ પડે છે ત્યારે જો સહનશક્તિ ના હોય તો સબંધો કોઈ સાથે બંધાતા નથી, સચવાતા નથી કે ટકતા નથી. એનાથી ઉલટું સ્વભાવ, ચરિત્ર, વિચાર, વર્તન વગેરે બાબતો સાથે તાલમેલ ના મળે તો પણ થોડું ઘણું જતું કરીને, થોડું જાતે કરીને સૌ સાથે રહેવા માટે મન મનાવી લેવાથી સમાજ કે સમુદાય સાથે નાતો જળવાઈ રહે છે. માત્ર પોતાના વિચારો મુજબ જ બીજાના વર્તનની અપેક્ષા રાખવાથી સુખી થઈ શકાતું નથી. ઉલટાનું અન્યથી અતડા અતડા રહેવું પડે છે. અનુકૂલન એ વ્યક્તિનું એવું આંતરિક પરિબળ છે જેનાથી તેના વ્યક્તિત્વની આખી છાપ બંધાય છે. કોઈ વ્યક્તિ ગમે એટલી મોટી સંપત્તિ ધરાવતો હોય કે ગમે એટલા મોટા હોદ્દા પર હોય કે સત્તાના સિંહાસન પર બિરાજતો હોય પણ એનામાં લોકો સાથે અનુકૂલન સાધવાની શક્તિ કે આવડત ના હોય તો લોકો કાયમ એની સાથે ટકતા નથી અથવા તો માત્ર તકવાદી માણસો જ એની આસપાસ સ્વાર્થ પૂરતા ફરે છે. જેવો સ્વાર્થ પતે કે સત્તા જાય પછી એની આસપાસ કોઈ ફરકતું પણ નથી. એનાથી ઉલટું અનુકૂલન સાધનાર કે સહનશક્તિ ધરાવનાર વ્યક્તિ સત્તા કે સંપત્તિ ગયા પછી પણ લોકો વચ્ચે પ્રિય બનીને રહી શકે છે. સહનશીલ વ્યક્તિનો સ્વભાવ જ એવો હોય કે સુખ-દુઃખ, અગવડતા-સગવડતા, તડકી-છાયડી ગમે તેવી પરિસ્થિતિમાં આ વ્યક્તિ સૌને માટે પ્રિય બનીને રહી શકે છે. દરેકના દિલમાં પ્રેમભાવ જોઈ શકનાર સૌને માટે પ્રિય બનીને રહી શકે છે. નાની મોટી ભૂલો થાય કે થોડી ઘણી અગવડતા ઊભી થાય ને તરત જ ઉકળી જનાર વ્યક્તિ પોતે તો અંદરથી સુખી હોતો નથી અને બીજાને પણ સુખ શાંતિ લેવા દેતા નથી. એનાથી ઉલટું ગમે તેવું ઊંધું વળી જાય, ગમે એટલી અગવડતા ઊભી થાય પણ ઉક કે ચૂક ના કરે પણ હર હાલમાં હસતો રહી શકે એ કાયમ માટે લોક હૃદયમાં પ્રીતિ પાત્ર બનીને રહી શકે છે. માટે થોડું ઘણું આમતેમ ચલાવી લઈને, થોડું ઘસાઈને, થોડું સહન કરીને, થોડું એડજેસ્ટ કરીને પરિસ્થિતિ સાથે તાલમેલ રાખીને સૌને અનુકૂળ બનીને જીવવામાં જે મજા છે એ જ સાચું સુખ છે. બાકી દરેકમાં વાંધા વચકા કાઢવા કે ગુણના બદલે માત્ર કોઈના અવગુણ જ જોવા એ માનસિક અશાંતિના કારણ છે. બાકી તો હરહાલમાં મસ્ત બનીને જીવવા માટે : "જીત પર હસતા રહેવું, હાર પર હસતા રહેવું, કોઈ ધરે તલવાર તો ધાર પર હસતા રહેવું". છેલ્લે તો એટલી જ વાત મહત્વની છે જેને સહેતા આવડી ગયું એને રહેતા આવડી ગયું. દીકરા-વહુ, સાસુ-સસરા, દેરાણી-જેઠાણી, નણંદ-ભાભી વગેરે તમામ સંબંધો આવા સહનશીલ અને અનુકૂલનના સિદ્ધાંતો પર સફળ રીતે માનપાન સાથે ટકી શકે છે.




**જે સહન કરી શકે છે, અનુકૂલન સાધી શકે છે એ જીવન સંગ્રામમાં ટકી શકે છે**



મનન ચિંતન
ભરત બાવીશી

# ભણેલા દીકરાની મહેનત, વિદેશનાં ફળો અને શાકભાજીનું વાવેતર

ધરતીના સંતાનોએ રવી સિઝન એટલે કે શિયાળુ વાવેતરની શરૂઆત કરી દીધી છે. ગુજરાત રાજય ભૌગોલિક રીતે ચાર ભાગમાં વહેચાયેલ છે. દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર કચ્છ. જમીન, હવામાન, વાવેતર, રીતભાત, બોલી બધુ જ અલગ-અલગ એકતામાં અનેકતાના ભાવ સાથે સમૃધ્ધ, સલામત અને પ્રયત્નશીલ ગુજરાત આગળ વધી રહ્યું છે. ગુજરાતની ખેતીમાં યુનિવર્સિટીનું કામ આજકાલ મંદ ગતિએ થઈ રહ્યું છે. જેની ખેતીમાં મુખ્ય ભૂમિકા છે એ જ અંગ કેમ પાંગળુ અને વામણું સાબિત થઈ રહ્યું છે એ સમજાતુ નથી, ગુજરાતના લાગણીશીલ અને મહેનતુ ખેડૂતો આ દિશામાં કયારે જાગૃત થશે એ ખ્યાલ મને નથી આવતો.

આજે ખેડૂતનાં ભણેલા-ગણેલા દીકરાની વાત કરવી છે. ભણેલા લોકોએ ખેતી, ખેડૂત અને ગામડાઓને હુંફ આપી હોત તો આજે ખેતીની આ અવદશા ન હોત પરંતુ કંઈક એવા લોકો પણ છે જે ઉચ્ચ અભ્યાસ પછી પણ પોતાની માતૃભૂમિ અને ખેતી સાથે જોડાઈને સારૂ પરીણામ મેળવી રહ્યા છે. બી.એસ.સી. માઈક્રો બાયોલોજી સુધીનો અભ્યાસ કરીને ખેતરના ઢેફા ભાંગવા કોઈ ના આવે આ માન્યતા ૩૧ વર્ષિય નવયુવાન વિશાલભાઈ લવજીભાઈ જેસડીયાએ ખોટી પાડી છે. ઉચ્ચ અભ્યાસ પછી ચાર વર્ષ સારા પગારે નોકરી કર્યા પછી પોતાની ખેતીને ઈન્ડસ્ટ્રીઝમાં ફેરવવાની નેમ સાથે આણંદપર તા.કાલાવડ જિ.જામનગર ખાતે ૧૬ વિઘા જમીન ઉપર મોડેલ ફાર્મ ઉભુ કરી દીધું છે. મહાત્મા ગાંધીના ગ્રામોદયનાં વિચારને ખરા અર્થમાં ચરિતાર્થ કર્યો છે. ચિલા-ચાલુ ખેતીથી ઉપર ઉઠીને લોકોને શુધ્ધ અને સાત્વિક ખોરાક મળે, લોકો પોતાની જાતે ફળ-ફળાદી અને શાકભાજી ઉતારીને પોતાની રીતે રસોઈ બનાવે તેમજ વેચાણથી લઈ જાય તેવી ખૂબ સારી વ્યવસ્થા કરી છે. વિશાલભાઈનું કહેવું છે કે આ પધ્ધતિના હિસાબે લોકોને ખેડૂતોની મુશ્કેલીની ખબર પડે ઉપરાંત ગામડાઓની વિસરાતી અલગ-અલગ રમતો પણ અહીં રમવા મળે છે. વિશાલભાઈએ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અશકય એવા વિવિધ શાકભાજીઓ અને ફળોનું વાવેતર કરેલ છે. યુરોપ ખંડના વિવિધ દેશોમાંથી ૬૦ થી ૭૦ જેટલી જાતોના ફળોના રોપાઓ લાવીને નર્સરી તૈયાર કરી છે. દેશમાં કદાચ આ પ્રથમ ખેડૂત હશે. હાલ સ્ટ્રોબેરી અને ગોલ્ડન બેરી બન્નેનું ઉત્પાદન આવે છે અને વેચાણ કરે છે. વિશાલભાઈ સ્ટ્રોબેરી વિશે વાત કરતા કહે છે. આ ચાર મહિનાનો પાક છે. ડ્રીપ, મલ્ચીંગ, વાવેતર ખર્ચ સહિત ખર્ચ ગણવામાં આવે તો વિઘે ૬૦ થી ૭૦ હજાર ખર્ચ આવે છે. જેનું રીટેઈલ વેચાણ કરે છે. ૨ થી ૨.૫૦ લાખનું વિઘે ચાર મહિનામાં ઉત્પાદન મળે છે. સ્ટ્રોબેરીમાંથી જામ, સિરપ પણ બનાવે છે. જયારે ૬ વિઘા જમીનમાં ડ્રેગન ફ્રુડનું વાવેતર કરેલ છે. જેમાંથી ડ્રેગન ફ્રૂટનું વેચાણ કરે છે. ઉપરાંત ડ્રી હાઈડ્રેડ ચિપ્સ અને પાવડર બનાવીને વેચાણ કરે છે. જયારે ગોલ્ડન બેરીનું જયુસ બનાવીને વેચાણ કરે છે. યુરોપિયન પ્રદેશની વિવિધ શાકભાજી બ્રોકલી જે ફલાવર ટાઈપ થાય છે. ઉપરાંત ઝુકીની કાકડી જેવા ગ્રીન અને યલ્લો કલરમાં થાય છે. લેટયુઝ(ગ્રીન હાઉસમાં) સૈલરી, પ્રાંચલે જેવી અલગ-અલગ શાકભાજીઓનું વાવેતર કરેલ છે અને વેચાણ કરે છે. આવા અલગ-અલગ નવા શાકભાજી જોઈને લોકોને કુતુહલ થાય છે. શાકભાજી અને ફળો ઉપર રિસર્ચ કરે છે. તેમજ જૂનાગઢ અને આણંદ કૃષિ યુનિવર્સિટી સાથે ડેટા શેર કરે છે. તેમજ પોતાની પ્લાન્ટ નર્સરી આવેલી છે. વિશાલભાઈ કહે છે, "ખેડૂતોનાં દીકરાઓ ભણે-ગણે, ઉચ્ચ અભ્યાસ કરીને પોતાની બાપ-દાદાની ખેતી સાથે જોડાય. આજે દેશ અને દુનિયા નાના બની ગયા છે. માર્કેટીંગ થઈ શકે, સારું ઉત્પાદન મેળવી વેલ્યુએડીશન કરી શકાય તેમ છે. આ વ્યવસાય સામે પડકારો છે પણ નિરાંતનો ઓડકાર છે." વિશાલભાઈનો સંપર્ક નં.૮૦૭૦૦ ૮૦૭૦૮ છે.







**-:: તિખારો ::-**

**પરિવાર, સગા-સંબંધો, લાગણી, પ્રેમ આ સંબંધોમાં ક્યારેય સ્વાર્થ ન હોવો જોઈએ, વફાદારી હોવી જોઈએ. સંબંધોમાં સ્વાર્થના જન્મ પછી ધીમે-ધીમે પતનની શરૂઆત થાય છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ લીલોતરી

# અઠવાડિક ખેતી કાર્યો



ડો. જી. આર. ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ

» ખેતી કાર્યો

- જંતુનાશક દવાઓનો ઉપયોગ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો:
- છંટકાવ માટે હોલોકોન નોઝલનો ઉપયોગ કરવો અને પવનની દિશામાં છોડ બરાબર ભીંજાય તે રીતે છંટકાવ કરવો.
- પંપ અને અન્ય સાધનો દવાના છંટકાવ પછી યોગ્ય રીતે સફાઇ કરી સંગ્રહસ્થાનમાં મૂકવા.
- દવાઓનું મિશ્રણ ન કરવું તેમજ જરૂરિયાત હોય ત્યારે બજારમાં મળતા તૈયાર દવાઓના મિશ્રણનો ઉપયોગ કરવો.
- જૈવિક કીટકનાશક સાથે ફૂગનાશક દવા ભેળવવી નહી.
- ખેતરમાં મિત્ર કીટકો હોય ત્યારે દવાનો છંટકાવ ન કરવો.

કાર્બમિટ (કાર્બોસલ્ફાન, થાયોડીકાર્બ) આ જૂથના કીટનાશક રસાયણો જીવાતનાં ચેતાતંત્રમાં જૈવ-રાસાયણિક પ્રકારે થતાં સંદેશાવહન માટે જરૂરી એવા ખાસ પ્રકારનાં અંતઃસ્ત્રાવ (એસીટાઈલ કોલીન એસ્ટ્રેઝ) ને બનતા અટકાવે છે અને આ રીતે કીટકનું નિયંત્રણ થાય છે. આવા કીટનાશક રસાયણો એસીટાઈલ કોલીન એસ્ટ્રેઝઈન્હીબીટર્સ તરીકે ઓળખાય છે.

- **એરંડા:** પાનનો અલ્ટરનેરીયા ટપકાંનો રોગ

» **રોગના લક્ષાણો :** આ રોગ અલ્ટરનેરીયા મેકરોસ્પોરા નામના ફુગથી થાય છે. આ રોગ મોટા ભાગે પાકની પાછલી અવસ્થાએ જોવા મળે છે. સામાન્ય રીતે પાકટ પાન અને નીચેના પાન પર નાના બદામી, ગોળ કે અનિયમીત આકારમાં વધીને કેન્દ્રીયભૂત વર્તુળો વાળા ચાઠાઓ ઉત્પન્ન થાય છે. પાનની ધારને પણ ઝાળ લાગે છે. આ રોગની માત્રા વધતા પાન ખરી પડે છે. થડ, દાડીઓ અને જીંડવા પર પણ રોગનો ઉપદ્રવ પણ જોવા મળે છે.



- **નિયંત્રણઃ-** મેક્રોઝેબ ૦.૨ % (૧૦ લિટરમાં ૨૭ ગ્રામ)ઓગાળી મિશ્રણ ૧૫ દિવસના અંતરે ૨ થી ૩ વખત છાંટવું.

» ઘઉં

- ઘઉંનાં પાનના સુકારાના નિયંત્રણ માટે રોગની શરૂઆતમાં મેન્કો વે.પાવડર ૧૦ લિટર પાણીના ૧૫ દિવસના આંતરે બે છંટકાવ કરવા.

» **શિયાળુ મકાઈ :** પાનનો સુકારો ટર્સીકમ લીફ બ્લાઈટ રોગની શરૂઆતમાં ગૌમૂત્ર ૧૦ ટકા (૧ લિટર / ૧૦ લિટર પાણી) અથવા લીમડાના પાનનો અર્ક ૧૦ ટકા (૧ લિટર / ૧૦ લિટર પાણી) નો છંટકાવ વાવણીની ૩૦, ૪૦, ૫૦ અને ૬૦ દિવસના આંતરે બે છંટકાવ કરવા.


» **પૂર્વા તલ :**

- ગાંઠિયા માખીના નિયંત્રણ માટે મિથાઈલ-ઓ-ડીમેટોન ૧૦ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.
- ડુંગળીમાં થ્રીપ્સનો ઉપદ્રવ વધતો જણાય તો ફોસ્ફામીડોન ૧૦ મિ.લિ. અથવા સ્પીનોસેડ ૨ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવો.

» બટાટા

- બટાટાના કટકાનાં કોહવારાનાં નિયંત્રણમાટે બટાટા વાવેતર પહેલા જ્યારે બીજ તૈયાર કરવામાં આવે છે એટલે કે ટુકડા કરવામાં આવે છે ત્યારે કાપેલ ટુકડાને મેન્કોઝેબ દવાની સુકી માવજત આપવી જરૂરી છે જેથી રોગપ્રેરકો ટુકડામાં દાખલ થાય નહિ અને ટુકડા કોહવાય નહિ. પ્રતિ હેક્ટરે એક કિલો મેન્કોઝેબ અને ૫ કિલો શંખજીરૂ મિશ્રણ કરી બટાટાના ટુકડા ઉપર ભભરાવી વાવેતર કરવાથી કટકામાં થતો કોહવારાનો રોગ અટકાવી શકાય છે.

» **દાડમ :**



- દાડમના પાકમાં વરસાદ પૂર્ણ થયાના ૪૫ દિવસ બાદ ડાળીની ટોચ પરથી ૩૦ સેમી સુધી છટણી કરવાથી ચોખ્ખો નફો મળે છે.
- દાડમમાં ગંઠવા કૃમિના નિયંત્રણ માટે પેસીલોમાયસીસ લિલાસીનસ ૨૦ કિલો/હે. દિવેલીનો ખોળ ૨ ટન/હે. ચોમાસાની શરૂઆતમાં અને ત્યારબાદ દર ૬ મહિનાના અંતરે થડથી ૧૨ થી ૧૮ ઇંચ દુર તથા આશરે ૯ ઇંચ રીંગ કરી જમીનમાં મૂળ નજીક આપવું.
- દાડમના પાકમાં વરસાદ પૂર્ણ થયાના ૪૫ દિવસ બાદ ડાળીની ટોચ પરથી ૩૦ સેમી સુધી છટણી કરવાથી ચોખ્ખો નફો મળે છે.

» **સીતાફળ :**

- મિલીબગનાં નિયંત્રણ માટે ખરી ગયેલ પાન તથા ફળો વિણી તેનો નાશ કરવો તેમજ સુકાઈ ગયેલ ડાળીઓ કાપીને બાળી દેવી. ઝાડની ફરતે તથા લાકડાના ટેકા ઉપર જમીનથી એક ફુટની ઊંચાઈએ પોલીથીલીનનો પહોળો પટ્ટો લગાવી તેની ઉપર તથા નીચેની ધારે ગ્રીસ લગાડવું. ઉપદ્રવની શરૂઆતમાં લીમડાની લીંબોળીના મીંજના ભૂકાનો છંટકાવ કરવો.

» **કેળ :**

- મધ્ય ગુજરાતનાં ખેડૂતોએ ગ્રાન્ડ નેઇન કેળનું વાવેતર કરવું.
- કેળની રોપણીના ખાડા દીઠ ૧૦ કિગ્રા છાણીયુ ખાતર આપવું.
- રોપણી પછી ત્રીજા મહિને મ્યુરેટ ઓફ પોટાશ, સિંગલ સુપર ફોસ્ફેટ ખાતરના ત્રણ સરખા ભાગમાં આપવું અને ફોસ્ફેટ પોટાશ જમીનમાં અને પાંચમાં મહિને ફર્ટીગેશન દ્વારા નાઇટ્રોજન ખાતર આપવું.

» **જામફળ :**

- ફળ માખીના નિયંત્રણ માટે ૫૦ લિટર પાણીમાં મેલાથીઓન ૫૦% ઈસી ૧૦ મિ.લિ. અને ૪૦૦ ગ્રામ ગોળ ભેળવી સાંજના સમયે છંટકાવ કરવો.

» **શાકભાજી:**

- ભીંડામાં તડતડીયા તથા ફળ અને ડુંખ કોરી ખાનાર ઈયળ માટે મેટારીઝીયમ એનીસોપ્લી ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં નાખી છંટકાવ કરવો.
- ટમેટાનાં પાનનાં સુકારાનાં રોગ માટે કોપર હાઈડ્રોકસાઈડ ૭૭ વે.પા. ૨૫ ગ્રામ/૧૦ લિટર પાણીમાં નાખી ૧૦ દિવસના અંતરે ત્રણ છંટકાવ કરવા.
- **દુધી :** ગુજરાત આણંદ સંકર દુધી - ૧ નું વાવેતર કરો.

મરી-મસાલાના પાકો (વરિયાળી, જીરું, ધાણા, મેથી, સુવા અને અજમો) : મોલો અને થ્રીપ્સનાં નિયંત્રણ માટે

મોલો અને થ્રીપ્સનો વધુ ઉપદ્રવ જણાય તો ડાયમિથોએટ ૩૦ ઇસી ૧૨ મ.લિ. અથવા ઈમીડાક્લોપ્રીડ ૧૭.૮ એસેલ ૪ મિ.લિ. અથવા કાર્બેસ્લ્ફાન ૨૫ ઇસી ૨૦ મિ.લિ. અથવા ટ્રાયઝોફોસ ૪૦ ઇસી ૨૦ મિ.લિ. અથવા એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. જો બીજા છંટકાવની જરૂરિયાત જણાય તો કીટનાશક બદલવી. ધાણાનાં ઉગાવાના એક મહિના બાદ ટ્રાઈકોડર્મા હારજીયાનમ ૫ કિ.ગ્રા. ૧૦ કિલો રેતીમાં ભેળવી છંટકાવ કરવાથી સુકારાનું નિયંત્રણ મેળવી શકાય છે. ધાણામાં ભૂકી છારાના લક્ષણો ખેતરમાં અમુક છોડમાં દેખાય કે તરત જ ૮૦ ટકા વેટેબલ સલ્ફર ૨૫ ગ્રામ અથવા ડીનોકેપ ૫ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.



» **ચણા:** સુકારોનાં જૈવિક નિયંત્રણ માટે ટ્રાઈકોડર્મા નામની ફૂગ વાવણી સમયે ચાસમાં પુરતો ભેજ હોય ત્યારે ૨ થી ૨.૫ કિ./હે. ૩૦૦ કિલો સેન્દ્રીય ખાતર કે દિવેલીના ખોળમાં મિશ્ર કરી આપવાથી રોગની માત્રા ઘટાડી શકાય છે.

- ચણામાં સ્ટંટ વાયરસ રોગ મોલોમશી મારફ્તે ફેલાતો હોવાથી તેના નિયંત્રણ માટે શોષક પ્રકારની કીટનાશક જેવી કે ડાયમીથોએટ ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી જરુરીયાત મુજબ છંટકાવ કરવો.
- લસણ: વાવણી બાદ એક માસે હેક્ટર દીઠ ૨૫ કિલોગ્રામ નાઈટ્રોજન તત્વ એટલે કે ૫૪ કિલોગ્રામ યુરીયા અથવા ૧૨૫ કિલોગ્રામ એમોનિયમ સલ્ફેટ ખાતર આપવું.
- ડુંગળી અને લસણમાં થ્રીપ્સનાં નિયંત્રણ માટે લસણ રોપતી વખતે ચાસમાં કાર્બોફ્યુરાન ૩ જી ૩૩ કિગ્રા / હે પ્રમાણે આપવું. વધુ ઉપદ્રવ વખતે ડાયમિથોએટ ૩૦ ઈસી ૧૦ મિ.લિ. અથવા લેમ્ડા સાયહેલોથ્રીન ૫ ઈસી ૫ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.
- સીતાફળમાં મિલીબગનાં નિયંત્રણ માટે ખરી ગયેલ પાન તથા ફળો વિણી તેનો નાશ કરવો તેમજ સુકાઈ ગયેલ ડાળીઓ કાપીને બાળી દેવી. ઝાડની ફરતે તથા લાકડાના ટેકા ઉપર જમીનથી એક ફુટની ઊંચાઈએ પોલીથીલીનનો પહોળો પટ્ટો લગાવી તેની ઉપર તથા નીચેની ધારે ગ્રીસ લગાડવું. ઉપદ્રવની શરૂઆતમાં લીમડાની લીંબોળીના મીંજનો ભૂકોનો છંટકાવ કરવો.

» **નાળીયેરી:** નાળીયેરીના ફળ કાળા પડી અને ખરી જાય છે તે આ પાનકથીરી નામની જીવાતની અસરને લીધે થાય છે. લીમડા આધારીત દવાનું મૂળ શોષણ પદ્ધતિ દ્વારા ૨ માસ અંતરે ૨ કે ૩ વાર આપવાથી થઈ શકે છે.

- નાના ફળ ખરી પડવાના કારણોમાં ઝાડને સારૂ પોષણ મહત્વની બાબત હોવાથી ભલામણ પ્રમાણે ઝાડદીઠ ૧ કિલો એમોનિયમ સલ્ફેટ, ૧ કિલો સુપર ફોસ્ફેટ તથા ૧.૨૫૦ કિલો મ્યુરેટ ઓફ પોટાશ જૂન-જુલાઈમાં અને તેટલો જ બીજો હપ્તો સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં આપવો.
- **આંબો:** આંબામાં ઓક્ટોબર કે નવેમ્બર માસમાં પોટેશિયમ નાઈટ્રેટ ૨ ટકાના દ્રાવણના બે છંટકાવ કરવા.
- **પપૈયા :** તાઈવાન હાઈબ્રીડ જાતમાં નર અને માદા એક જ ફુલમાં હોવાથી એક ખાડામાં એક છોડનું વાવેતર કરવું.

» **ચીકુ:** ચોમાસા પછી ચીકુમાં સુકારો રોગ આવે છે. તેના નિયંત્રણ માટે પ્રથમ તો ચીકુવાડીયામાં ડાંગર જેવો પાક લેવો જોઈએ નહી. ચોમાસામાં પાણી ભરાવા દેવું નહી. નિતારની વ્યવસ્થા કરવી.

# તકમરિયા એક આરોગ્યપ્રદ પીણું

ડો. આર. એસ. પરમાર અને ડો. બી. વી. ઠુમર
કોલેજ ઓફ એગ્રીકલ્ચર
જૂનાગઢ, એગ્રીકલ્ચર યુનિવસીટી,
મોટાભંડારીયા-૩૬૫૬૧૦

શરીરમાં એનર્જી વધારવાની સાથે ત્વચા અને વાળ માટે પણ ફાયદાકારક પ્રોટિનથી ભરપુર તકમરિયાનું આરોગ્યપ્રદ પીણું સવારે ખાલી પેટે પીવાનાં અનેક ફાયદા છે. તકમરિયાને હિન્દીમાં સબ્ઝા કે અંગ્રેજીમાં સ્વીટ બેસિલ સીઝ કહેવાય છે, જે એક એવું સુપર ફૂડ છે, જે પરંપરાગત ઔષધિઓમાં પણ ઉપયોગમાં લેવાતું આવ્યું છે. તકમરિયાને પ્રોટિનનું પાવરહાઉસ કહેવાય છે, આ ઝીણાં દાણાં શરીર માટે જરૂરી ફેટી એસિડથી ભરપુર હોય છે, તેમાં પાચન વધારનારા રેસા હોય છે. તે ઉપરાંત તેમાં કેલ્શિયમ, મેગ્નેશિયમ, આયર્ન અને અન્ય માઈક્રોન્યુટ્રીએન્ટ્સ રહેલાં હોય છે. તેનાથી પેટમાં ગેસ નથી થતો અને સરળતાથી પેટ સાફ થઈ જાય છે. ખાલી પેટે તકમરિયા પીવાથી તમારા શરીરમાં એનર્જી પણ વધે છે. સાથે જ તે ત્વચા અને વાળ માટે પણ ફાયદાકારક છે. તકમરિયા પાણીમાં પલાળતાં પહેલાં કડક હોય છે, પરંતુ પાણીમાં રહ્યા પછી એ જેલી જેવા પારદર્શક અને પોચાં થઈ જાય છે. બેંગ્લોરની ક્લાઉડનાઈન હોસ્પિટલના ચીફ ક્લિનિકલ ન્યુટ્રિશનિસ્ટ અભિલાશા વી. દ્વારા તકમરિયાના પાણીને તમારા રોજિંદા જીવનનો ભાગ બનાવવાના ફાયદા આ મુજબ સમજાવ્યા છે.

- પોષક તત્વોથી ભરપુર

તકમરિયામાં ભરપુર માત્રામાં પ્રોટિન, ફેટી એસિડ, રેસા, અનેક પ્રકારના વિટામિન, કેલ્શિયમ, મેગ્નેશિયમ અને આયર્ન રહેલાં છે. ખાલી પેટે તકમરિયાનું પાણી પીવાથી શરીર આ પોષક તત્વો અસરકારક રીતે ગ્રહણ કરી શકે છે.

- પાચનતંત્ર માટે આશિર્વાદરૂપ

તકમરિયાનો સૌથી મહત્વનો ફાયદો એ છે કે તે પાચનતંત્ર માટે આશીર્વાદરૂપ છે. તેમાં રેસાનું પ્રમાણ વધારે હોવાથી સરળતાથી પેટ સાફ થાય છે અને પેટમાં ગેસ જમા થતો નથી. તે સરળતાથી ગેસને બહાર કાઢવામાં મદદ કરે છે. સવારે તકમરિયાનું પાણી પીવાથી સમગ્ર પાચનતંત્ર સ્વચ્છ રહે છે અને પેટને નિરોગી રાખે છે.

- વજનને નિયંત્રણમાં રાખવા

માટે જાણીતા છે. તેને પાણીમાં પલાળવાથી બીજ ફુલીને જેલી જેવા બની જાય છે તેનાથી તેમાં ફાઈબરની માત્રામાં વધારો થાય છે. આ પાણી પીવાથી તમને લાંબા સમય સુધી પેટ ભરેલું લાગે છે. તેથી તમને બિનજરૂરી નાસ્તા ખાવાનું મન થશે નહીં અને તમારો ખોરાક નિયંત્રણમાં રહેશે. તેમજ આ બીજમાં કેલેરીનું પ્રમાણ અતિશય નીચું હોય છે અને પોષક તત્વો વધુ હોવાથી તે તમારી વજન ઘટાડવાની સફરમાં ખુબ મદદરૂપ થઈ શકે છે.

- બ્લડ શુગરને જાળવી રાખે છે

જેમને ડાયાબિટીસ છે અથવા તો જેઓ શરીરમાં બ્લડ શુગર લેવલને જાળવી રાખવા માગે છે તેમના માટે તકમરિયાથી ઘણો ફાયદો થઈ શકે છે. તેમાં રહેલું ફાઈબર પાચનને પીમું પાડે છે અને તેથી શરીરમાં કાર્બોહાઈડ્રેડ્ઝનું પ્રમાણ વધતું નથી, જે બ્લડ શુગર લેવલને અચાનક વધતું અટકાવે છે. સવારે જો તકમરિયાનું પાણી પીવામાં આવે તો તે સમયાંતરે શરીરમાં જરૂર મુજબ ગ્લુકોઝ પેદા કરે છે, જે ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવા ખુબ ઉપયોગી છે.

- શરીરમાં હાઈડ્રેશન સુધારશે

તકમરિયાના બીજ તેનાં વજન કરતાં ૩૦ ગણું પાણી શોષવાની ક્ષમતા ધરાવે છે, તેથી તે સૌથી શ્રેષ્ઠ હાઈડ્રેશન ડ્રિન્ક બની શકે છે. શરીરને કામ કરવા માટે તેમાં પ્રવાહીનું પ્રમાણ જળવાવું પણ બહુ અગત્યનું છે, તેનાથી પાચન, શરીરમાં લોહી અને પાણીની પ્રવાહીતા, શરીરનું તાપમાન જાળવવા વગેરેમાં મદદરૂપ થાય છે. સાથે જ તમારા શરીરની ઊર્જા પણ વધે છે અને તમને આખો દિવસ કામ કરવામાં થાક લાગતો નથી. જો તમે વજન ઘટાડવા માગતા હોય, બોડી ડિટોક્સ કરવા ઈચ્છતા હોય કે પછી બ્લડ શુગર જાળવી રાખવા માગતા હોય તો પણ તકમરિયાનું પાણી તમારા માટે ખુબ ફાયદાકારક સાબિત થઈ શકે છે. ૧૫થી ૩૦ મિનિટ સુધી તકમરિયાને પાણીમાં પલાળી રાખ્યા પછી એ પાણીમાં થોડુંક લીંબુ ઉમેરવાથી ખુબ આરોગ્યપ્રદ પીણું તૈયાર થાય છે

- શરીરને ડિટોક્સ કરે છે

તકમરિયા શરીરનાં બધાં જ કચરાને બહાર કાઢીને શરીરને ડિટોક્સ કરવામાં મદદ કરે છે. તેનાથી વધુ પેશાબ થાય છે, જે શરીરમાંથી બિનજરૂરી કચરાને બહાર ધકેલવાનું કામ કરે છે. તેથી ખાલી પેટે તકમરિયાનું પાણી લીવર અને કીડનીને શુદ્ધ કરવાનું પણ કામ કરે છે, તેનાથી તમારું સર્વાંગી સ્વાસ્થ્ય સુધરે છે.

- ત્વચાને સુધારે છે

તકમરિયામાં એન્ટી ઓક્સિડન્ટ્સનું પ્રમાણ ભરપુર હોય છે જે શરીરમાંથી ઓક્સિડેટિવ સ્ટ્રેસ દૂર કરે છે. તેનાથી વધતી ઉંમર અને ત્વચાને લગતી ઘણી સમસ્યાઓમાં ફાયદો થાય છે. જેમકે, તકમરિયાથી સોજા ઘટે છે, જે ખીલ, ફોલ્લીઓ કે ડાઘ દૂર કરીને ત્વચાને સુંવાળી બનાવે છે. તકમરિયાના પાણીથી તમારી ત્વચા સાફ, ચમકતી અને સ્નિગ્ધ બને છે, જે અંદર અને બહાર પણ ત્વચાની તંદુરસ્તી વધારે છે.

- રોગપ્રતિકારક શક્તિ વધારે

વિટામિન, એન્ટિઓક્સિડન્ટ્સ સહિત અન્ય તત્વોનું વધારે પ્રમાણ રોગપ્રતિકારક શક્તિ વધારવાનું કામ કરે છે. તેનું નિયમિત સેવન રોગપ્રતિકારક શક્તિને વધુ મજબૂત બનાવે છે, તેનાથી તમારું શરીર કેટલાંક ચેપી રોગો અને બીમારીઓથી સુરક્ષિત રહે છે. તકમરિયામાં બેક્ટેરિયા અને વાયરસથી બચાવવાની ક્ષમતા રહેલી છે.

- હૃદયની તંદુરસ્તી વધારે છે

તકમરિયામાં ઓમેગા ૩ ફેટી એસિડ હોય છે, જે હૃદયના આરોગ્યને વધારે છે. તે ચરબી વધતી અટકાવે છે અને ખરાબ કોલેસ્ટ્રોલને વધતો અટકાવે છે તેમજ સારા કોલેસ્ટ્રોલનું પ્રમાણ વધારે છે. તકમરિયાના પાણીથી કાર્ડિયોવસ્ક્યુલર હેલ્થને ટેકો મળે છે જે હૃદયની બીમારીથી બચાવીને તંદુરસ્ત લોહીના પ્રવાહને જાળવી રાખે છે.

- સ્ટ્રેસ અને એક્ઝાઈટી ઘટાડે છે

તકમરિયામાં એડપ્ટોજેનિક તત્વો હોય છે, તેનો અર્થ એ થયો કે તે શરીરને સ્ટ્રેસ સ્વીકારીને મનને શાંત કરવામાં મદદ કરે છે. તકમરિયામાં રહેલાં મેગ્નેશિયમ અને અન્ય તત્વો શરીરની ન્યુટ્રીટ્રાન્સમિટર એક્ટિવિટીને નિયંત્રિત રાખે છે તેનાથી એક્ઝાઈટી ઘટે છે અને રિલેક્સ રહી શકાય છે.









# ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ માટે ખેડૂતોને માર્ગદર્શન સાથે તાલીમ

આલેખન
ધર્મેશ વાળા

રાજયમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન અને સહાય મળી રહે તે ઉદ્દેશ્ય સાથે રાજય સરકાર સતત કાર્યરત છે.

પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત પ્રાકૃતિક કૃષિ બોર્ડના તાલીમ ઘટક હેઠળ અમરેલી જિલ્લાના ધારી અને ખાંભા તાલુકાના ખેડૂત બહેનો માટે કૃષિ યુનિવર્સિટી ખાતે ત્રિ -દિવસીય પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમનું આયોજન હાથ ધરવામાં આવ્યુ હતું. આ તાલીમમાં ખેડૂત બહેનોને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ, રસાયણમુક્ત ખેતી, ભવિષ્યના વિવિધ ખેતીલક્ષી લાભ સહિતના વિષયોને આવરી લઈ માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

અમરેલી જિલ્લામાં આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ દ્વારા સમયાંતરે ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોને ત્યાં મુલાકાત કરવામાં આવે છે અને તેમને પ્રોત્સાહિત કરવામાં આવે છે. સાથે ખેતીલક્ષી માહિતીનું આદાન-પ્રદાન પણ કરવામાં આવે છે. ઘન જીવામૃતનું મહત્વ અને ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિમાં ગાયના મહત્વ વિશે પણ આત્મા સ્ટાફ દ્વારા ખેડૂતો સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવે છે.

ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિથી જમીનની ફળદ્રુપતામાં વધારો થાય છે. પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોએ પોતાના ખેતીલક્ષી અનુભવો જણાવ્યા હતા. અમરેલી આત્મા પ્રોજેક્ટ દ્વારા સમયાંતરે પ્રાકૃતિક કૃષિ વિષયક સેમિનાર, સંવાદ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારમાં પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતો સહિત મહિલા ખેડૂતો પણ જોડાઈને માર્ગદર્શન પ્રાપ્ત કરે છે.

ગુજરાત રાજય સરકાર દ્વારા ગૌશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ, સખીમંડળ અને ખેડૂત ગ્રુપ દ્વારા પ્રાકૃતિક કૃષિ માટે જરુરી જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત વગેરે બનાવી ખેડૂતોને વિતરણ કરવા જરુરી માળખાકિય સુવિધા માટે સંસ્થાઓ-ગ્રુપને પ્રોત્સાહન આપવા સહાય યોજના અમલી છે.

પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં જરુરી જીવામૃત-ઘન જીવામૃત, બીજામૃત, પાક સંરક્ષણ શસ્ત્રો વગેરે બનાવવા માટે દેશી ગાય એ પાયાની જરુરિયાત છે. દેશી ગાય ન રાખી શકતા હોય કે દેશી ગાય ન હોય ત્યારે અસરકારક રીતે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ મુજબ ખેતી થઈ શકતી નથી. આવું ન બને તે માટે રાજય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત - ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ માટેની માળખાકિય સુવિધાના નિર્માણ માટે રુ.૧.૨૦ લાખ સુધીની સહાય મળવાપાત્ર છે.

ગુજરાત રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધે તે માટે રાજ્યના ખેડૂતોને જરુરી માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના પ્રાથમિક તબક્કે પ્રોત્સાહક પરિણામો જોતા રાજ્યના અનેક ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવતા થયા છે.



# પ્રિયંકાની જીત થતાં ગાંધી પરિવારના તમામ સંતાન-પુત્રવધૂ સાંસદ બન્યા





નવીદિલ્હી,તા.૨૪

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ વાયનાડ સંસદીય સીટ પર યોજાયેલી પેટાચૂંટણીમાં શાનદાર જીત નોંધાવીને પોતાના રાજકારણની શરૂઆત કરી છે. પ્રિયંકા ગાંધી વાડ્રા ચૂંટણીમાં જીત મેળવી રાજકારણમાં પ્રવેશનાર નેહરુ-ગાંધી પરિવારના ૧૦મા સભ્ય છે. પ્રિયંકા પહેલા જવાહરલાલ નેહરુ, ઈન્દિરા ગાંધી, ફિરોઝ ગાંધી, સંજય ગાંધી, રાજીવ ગાંધી, સોનિયા ગાંધી, મેનકા ગાંધી, વરુણ ગાંધી અને રાહુલ ગાંધી ગાંધી પરિવારમાંથી રાજકારણમાં આવ્યા છે. પ્રિયંકા ગાંધી હવે પોતાના રાજકારણની શરૂઆત દેશના દક્ષિણ ભાગથી કરશે. તેઓ તેમના દાદી અને દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી, માતા સોનિયા ગાંધી અને કાકી મેનકા ગાંધી પછી લોકસભા સાંસદ તરીકે ચૂંટાયેલી ચોથી મહિલા સભ્ય છે.

દેશના પ્રથમ અને સૌથી લાંબા સમય સુધી સેવા આપનાર જવાહરલાલે દેશને આઝાદી મળ્યા બાદ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં પ્રથમ ચૂંટણી લડી હતી.

# ભારતે સંયુક્તરાષ્ટ્રના ૩૦૦ બિલિયન ડોલરના ક્લાયમેટ ફાઈનાન્સ પેકેજને નકાર્યું



નવીદિલ્હી,તા.૨૪

અઝરબૈજાનની રાજધાની બાકુમાં ચાલી રહેલી સંયુક્ત રાષ્ટ્રની ક્લાઈમેટ કોન્ફરન્સમાં આ વખતે ભારતે કોઈ પણ દેશનો દબદબો બનવા દીધો નથી. ભારતે રવિવારે ક્લાયમેટ ફાઈનાન્સ પેકેજને નકારી કાઢ્યું હતું જેનું લક્ષ્ય ગ્લોબલ સાઉથને ૨૦૩૫ સુધીમાં વાર્ષિક ૩૦૦ બિલિયન ડોલર પૂરા પાડવાનું છે. ભારતે તેને "ખૂબ જ દુર્લભ અને ખૂબ જ દૂરનું" ગણાવ્યું. ભારતે કહ્યું કે ગ્લોબલ સાઉથ માટે યુએસ ૩૦૦ બિલિયનની નાણાકીય સહાયનો આંકડો એ ૧.૩ ટ્રિલિયન યુએસ ડોલર કરતા ઘણો ઓછો છે જેની 'ગ્લોબલ સાઉથ' દેશો ક્લાઈમેટ ચેન્જનો સામનો કરવા માટે છેલ્લા ત્રણ વર્ષથી માંગ કરી રહ્યા છે. ભારતના આ વિરોધથી ગ્લોબલ સાઉથમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સન્માન વધુ વધ્યું છે.

તમને જણાવી દઈએ કે ભારત હવે ગ્લોબલ સાઉથના અવાજ તરીકે વિશ્વમાં ઓળખાઈ ગયું છે. તેથી ભારતે ગ્લોબલ સાઉથને અન્યાય થવા દીધો નથી. જ્યારે માત્ર ભારતે જ આ નિર્ણયનો ખુલ્લેઆમ વિરોધ કરવાની હિંમત દેખાડી ત્યારે આખી દુનિયા તેની હિંમત જોઈને દંગ રહી ગઈ હતી.

# મહારાષ્ટ્ર ચૂંટણીમાં પત્નીએ પતિને, પિતાએ પુત્રીને, કાકાએ ભત્રીજાને હરાવ્યા



મુંબઈ,તા.૨૪

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં શરદ પવાર પરિવાર સહિત અનેક રાજકીય પરિવારોના સભ્યો એકબીજાની વિરુદ્ધ હતા. કેટલાક ચૂંટણી જીત્યા અને કેટલાક પોતાના જ લોકો દ્વારા હાર્યા. શરદ પવારના ભત્રીજા અજિત પવાર બારામતીથી તેમના ભત્રીજા સામે ચૂંટણી લડી રહ્યા હતા. અજિત પવારે તેમના મોટા ભાઈના પુત્ર યુગેન્દ્ર પવારને એક લાખથી વધુ મતોથી હરાવ્યા અને આઠમી વખત જીત્યા. તે જ સમયે, રાવસાહેબ દાનવેની પુત્રી સંજના જાધવ મરાઠવાડા ક્ષેત્રના છત્રપતિ સંભાજીનગર જિલ્લાની કન્નડ વિધાનસભા બેઠક પરથી તેના પૂર્વ પતિ સામે ચૂંટણી લડી રહી હતી. સંજનાએ તેના પૂર્વ પતિને હરાવ્યા હતા. ગઢચિરોલીના અહેરી મતવિસ્તારના એનસીપી નેતા અને રાજ્ય મંત્રી ધરમ રાવબાબા આત્રામ પોતાની પુત્રી સામે ચૂંટણી લડી રહ્યા હતા. પુત્રી ભાગ્યશ્રી આત્રામ ચૂંટણી હારી ગયા હતા.

# છેલ્લા ૧૦ વર્ષમાં કોંગ્રેસ ૪૭ વિધાનસભા ચૂંટણીઓ હારી



નવીદિલ્હી,તા.૨૪

મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીના પરિણામો આવી ગયા છે. ઝારખંડમાં ઈન્ડિયા બ્લોકની જીત થઈ છે, જ્યારે મહારાષ્ટ્રમાં પ્રદર્શન ખૂબ જ ખરાબ રહ્યું છે. આ સાથે હવે કોંગ્રેસ પર સવાલો ઉઠી રહ્યા છે. ૨૦૧૪ થી ૨૦૨૪ ની વચ્ચે કોંગ્રેસ ૬૨ માંથી ૪૭ વિધાનસભા ચૂંટણી હારી છે. ૨૦૧૧માં છેલ્લી વખત કોંગ્રેસ પોતાની સરકારને બચાવીને આસામમાં સત્તામાં પાછી આવી હતી. જ્યારે રાજ્યોમાં સત્તા પર હતી, ત્યારે કોંગ્રેસે ૪૦ વખત વિધાનસભા ચૂંટણીનો સામનો કર્યો હતો અને તેમાંથી માત્ર ૭ જ જીતી શકી હતી. લોકસભા ચૂંટણી પહેલા મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં ત્રણેય જગ્યાએ ભાજપ સાથે સીધી સ્પર્ધામાં કોંગ્રેસ હારી ગઈ હતી. તાજેતરના સમયમાં માત્ર હિમાચલ અને કર્ણાટકમાં જ કોંગ્રેસ ભાજપ સાથે સીધી સ્પર્ધામાં જીતવામાં સફળ રહી છે.

# મહારાષ્ટ્રમાં પરાજય બાદ સંજય રાઉતના પૂર્વ સીજેઆઈ ચંદ્રચૂડ પર ગંભીર આક્ષેપ




મુંબઈ,તા.૨૪

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે. મહાયુતિ ગઠબંધનને મોટી જીત મળી છે જ્યારે મહાવિકાસ અઘાડીને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. આ પરિણામને લઈને હવે ઉદ્ધવ જૂથની શિવસેનાના નેતા સંજય રાઉતનું નિવેદન સામે આવ્યું છે. સંજય રાઉતે મહાવિકાસ અઘાડીની હાર માટે પૂર્વ મુખ્ય ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા ડી. વાય. ચંદ્રચુડને જવાબદાર ગણાવ્યા છે. સંજય રાઉતે મીડિયા સાથે વાતચીત દરમિયાન કહ્યું, 'મહારાષ્ટ્રના જે પરિણામ સામે આવ્યા તે ખૂબ જ ચોંકાવનારા છે. મહારાષ્ટ્રમાં બેઈમાની થઈ રહી છે.' ચંદ્રચુડ પર મોટો આરોપ લગાવતા સંજય રાઉતે કહ્યું, 'જે પરિણામ આવ્યા, તેના માટે જવાબદાર ફક્ત પૂર્વ સી.જે.આઈ ડી. વાય. ચંદ્રચુડ છે. તેઓએ સમયસર પોતાનો નિર્ણય ન આપ્યો, ચુકાદો ન આપ્યો. ૪૦ લોકોએ બેઈમાની કરી હતી. જે પાર્ટી ચૂંટાઈને આવી હતી, તે ચાલીને બીજી પાર્ટીની સત્તામાં જતા રહ્યાં. તમારી જવાબદારી છે બંધારણની રક્ષા કરવી. તમે જો ચુકાદો આપ્યો હોત તો આગળ કોઈ હિંમત ન કરત. તમે બારી-દરવાજા ખુલ્લા રાખીને ત્યાંથી નિવૃત્ત થઈ ગયાં. હવે કોઈપણ પ્રકારે પાર્ટી બદલી શકાય છે અથવા પોતાની પાર્ટી છોડીને સરકાર બનાવી શકાય છે. ઈતિહાસ ચંદ્રચુડ સાહેબને ક્યારેય માફ નહીં કરે.'


# કોડીનારમાં શૈક્ષિક મહાસંઘ દ્વારા ભગવાન બિરસા મુંડાની ૧૫૦ મી જન્મ જયંતીની ઉજવણી

કોડીનાર,તા.૨૪

ભગવાન બિરસા મુંડા જન્મ જયંતીના ૧૫૦ વર્ષ પૂર્ણ થતા ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા ભવ્ય ઉજવણી કરવમાં આવી હતી. તેમજ જયંતિભાઈ ગોહિલ દ્વારા ભગવાન બિરસા મુંડાના જીવન વિશે માહિતગાર કર્યા હતા. આ તકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાંથી નરસિંહભાઈ જાદવ, રવિભાઈ પઢિયાર, કારડિયા રાજપૂત વિદ્યાર્થી ભવનના પ્રમુખ વરસીંગભાઈ વાળા તથા નિયામક જાદવ, અખિલ ભારતીય રાષ્ટ્રીય મહાસંઘના પ્રાંત મંત્રી જયંતિભાઈ ગોહિલ, નાયબ મામલતદાર હેમાંગીનીબહેન પટેલ, દેવાયતભાઈ ભોળા, અખિલ ભારતીય શૈક્ષિક સંઘ ગીર સોમનાથ અધ્યક્ષ વિનોદભાઈ બારડ, તાલુકા અધ્યક્ષ રઘુસિંહ, તાલુકા મહામંત્રી દિનેશભાઈ વાળા તથા રામસિંહભાઈ ડોડીયા, ભાવસિંહભાઈ વાળા, વિજયભાઈ બારડ, મહેશભાઈ વાઢેળ, ભગતસિંહ વાળા, વિજયભાઈ વાજા, પરેશભાઈ બારડ, હિરેનભાઈ બારડ વગેરે શિક્ષક હાજર રહ્યા હતા.

# ઈઝરાયેલે બેરૂતમાં મિસાઈલો સાથે જોરદાર હુમલો કર્યો: ૧૫ લોકોના મોત

**મૃતકોની સંખ્યા વધવાની શકયતા**



(એચ.એસ.એલ),બેરૂત,તા.૨૪

ઈઝરાયેલની સેના લેબનોનમાં હિઝબુલ્લાહના ટાર્ગેટ પર સતત ભારે બોમ્બમારો કરી રહી છે. બેરૂતના મધ્ય વિસ્તારમાં ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા તાજેતરના મિસાઈલ હુમલામાં ૧૫ લોકો માર્યા ગયા છે અને ઘણા ઘાયલ થયા છે. લેબનીઝ નાગરિક સ્વયંસેવક સંગઠને જણાવ્યું હતું કે હુમલામાં મૃત્યુઆંક વધી શકે છે કારણ કે કટોકટી બચાવ કાર્યકરો હજુ પણ કાટમાળમાં રહેલા લોકોને શોધી રહ્યા છે. લેબનીઝ આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલના હવાઈ હુમલામાં અત્યાર સુધીમાં ૩,૫૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે જ્યારે ૧૫,૦૦૦ થી વધુ ઘાયલ થયા છે. લેબનોનની રાજ્ય સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર, બેરૂત પર હુમલો સ્થાનિક સમય અનુસાર સવારે ૪ વાગ્યે થયો હતો, જેમાં આઠ માળની ઈમારત નષ્ટ થઈ ગઈ હતી.

# માઉન્ટ આબુમાં પારો પાંચ ડિગ્રીએ પહોંચ્યો: સહેલાણીઓમાં આકર્ષણ વધ્યું

(એચ.એસ.એલ).જયપુર,તા.૨૪

હવે માત્ર રાત્રે જ નહીં પરંતુ દિવસના સમયે પણ ઠંડીની અસર વધવા લાગી છે. ગંગાનગર, હનુમાનગઢ, સીકર, ચુરુ અને ઝુનઝુનુમાં હળવાથી મધ્યમ ધુમ્મસની સંભાવના છે. વાહનચાલકોને ખાસ તકેદારી રાખવાની સલાહ આપવામાં આવી છે. તે જ સમયે, માઉન્ટ આબુ રાજ્યનો સૌથી ઠંડો વિસ્તાર છે.

આજે રાજસ્થાનમાંથી પસાર થતા મોટાભાગના રાષ્ટ્રીય રાજ્ય માર્ગો પર ધુમ્મસની અસર જોવા મળી છે. હિલ સ્ટેશન માઉન્ટ આબુ રાજ્યનો સૌથી ઠંડો વિસ્તાર છે. અહીં લઘુત્તમ તાપમાન ૫ ડિગ્રી સેલ્સિયસ છે. તે જ સમયે, સિરોહીમાં લઘુત્તમ તાપમાન ૧૦.૬ ડિગ્રી, ફતેહપુરમાં ૮.૪, સીકરમાં ૧૧.૮, જાલોરમાં ૮.૭, ભીલવાડામાં ૯.૪, ચિત્તોડગઢમાં ૯.૬ અને ચુરુમાં ૧૦.૨ ડિગ્રી હતું. ફલોદી હજુ પણ રાજસ્થાનનો સૌથી ગરમ વિસ્તાર છે. અહીં લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીની ઉપર યથાવત છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં લઘુત્તમ તાપમાન ૧૭.૪ ડિગ્રી નોંધાયું હતું. બાડમેર, જેસલમેર, બિકાનેરમાં લઘુત્તમ તાપમાન ૧૪ થી ૧૫ ડિગ્રી સેલ્સિયસની નજીક નોંધાયું હતું. રાજધાની જયપુરની વાત કરીએ તો અહીં લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં લઘુત્તમ તાપમાનમાં લગભગ ૨ ડિગ્રીનો વધારો થયો છે. ઠંડીમાં વધારો થતાં આબુ હિલસ્ટેશન પર ફરવા આવતા સહેલાણીઓમાં હિલ સ્ટેશનને લઈને આકર્ષણ વધ્યું છે.

# કોડીનારના મૂળ દ્વારકા આંગણવાડી કેન્દ્ર ૪માં કાનૂની જાગૃતિ વિશે સેમિનાર યોજાયો



કોડીનાર, તા.૨૪

તાલુકા કાનૂની સેવા સમિતિ, ત્રિનેત્ર ફાઉન્ડેશન કોડીનારના સંયુક્ત ઉપક્રમે મૂળ દ્વારકા ગામની આંગણવાડી કેન્દ્ર ૪ મુકામે મહિલાઓને કાયદો અને તેની રચના તેમજ કાનૂની પ્રક્રિયા તેમજ સમાન ન્યાયની સમજ, મફત કાનૂની સહાય યોજનાઓ તેમજ લોક અદાલત વિશે માહિતગાર કર્યા હતા. લીગલ સેક્રેટરી અશ્વિનભાઈ ચૌહાણના માર્ગદર્શન હેઠળ પીએલવી પ્રકાશ મકવાણા તેમજ પ્રવિણ ચુડાસમા, હુસેનભાઈ ઢોકી તેમજ આંગણવાડી કાર્યકર નીમુબેન કામળીયા, ડાલકી મનાલીબેન તેમજ મોટી સંખ્યામાં બહેનો હાજર રહ્યા હતા.

# ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટ મેચમાં ભારત મજબૂત સ્થિતિમાં



પર્થ, તા.૨૪

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચના ત્રીજા દિવસે ભારત મજબૂત સ્થિતિમાં પહોંચી ગયું છે. કોહલી અને યશસ્વી જયસ્વાલ (૧૬૧ રન)ની સદીના આધારે ભારતે ૪૮૭/૬ પર પોતાની ઈનિંગ ડિકલેર કરી હતી. આ સાથે ઓસ્ટ્રેલિયાને ૫૩૪ રનનો ટાર્ગેટ આપ્યો હતો. રન ચેઝમાં ઓસ્ટ્રેલિયાએ સ્ટમ્પ્સ સુધી ૧૨ રનમાં ૩ વિકેટ ગુમાવી દીધી છે. વિરાટ કોહલીએ ઓસ્ટ્રેલિયા સામે પ્રથમ મેચની બીજી ઈનિંગમાં અણનમ ૧૦૦ રનની ઈનિંગ રમી હતી. કોહલીએ સૌથી વધુ ટેસ્ટ સદીના મામલે ડોન બ્રેડમેન (૨૯ સદી)ને પાછળ છોડી દીધા છે. સિરાજે એક વિકેટ ઝડપી હતી. ટીમ ઈન્ડિયાએ ત્રીજા દિવસે ૧૭૨ રનના સ્કોરથી રમવાનું શરૂ કર્યું હતું. જયસ્વાલે ૯૦ રનથી અને કેએલ રાહુલે ૬૨ રનથી ઈનિંગને આગળ ધપાવી હતી અને ઓસ્ટ્રેલિયાની ધરતી પર ઓપનર દ્વારા પ્રથમ વખત ૨૦૦ રનની ભાગીદારી નોંધાવી હતી. યશસ્વી જયસ્વાલે ૧૬૧ રન ફટકાર્યા હતા. પ્રથમ ટેસ્ટ રમી રહેલા નીતિશ રેડ્ડીએ ૩૮ રન બનાવ્યા હતા. ભારતે ૬ વિકેટે ૪૮૭ રન બનાવી દાવ ડીકલેર કર્યો હતો. બીજા દાવમાં ઉસ્માન ખ્વાજા ૩ રન બનાવીને અણનમ છે, જ્યારે માર્નસ લાબુશેન ૩, કેપ્ટન પેટ કમિન્સ ૨ અને નાથન મેકસ્વીની ખાતું ખોલાવ્યા વગર જ પેવેલિયન પરત ફર્યા છે.

# સુત્રાપાડા રેડક્રોસ દ્વારા એમ્બ્યુલન્સ માટે સાંસદ ફંડમાંથી એમ્બ્યુલન્સ ફાળવવાની માંગણી



ગીર સોમનાથ, તા.૨૪

સુત્રાપાડા પંથકના લોકોને કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક આરોગ્ય સેવાઓ પૂરી પાડવાના હેતુથી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તાલુકા શાખા દ્વારા જૂનાગઢ-ગીર સોમનાથના સાંસદ રાજેશભાઈ ચુડાસમાની ગ્રાન્ટમાંથી એમ્બ્યુલન્સ ફાળવવાની માંગણી કરવામાં આવી છે. ૧૦૦ વર્ષ જૂની આ સંસ્થાની સુત્રાપાડા શાખા છેલ્લા સાત વર્ષથી કાર્યરત છે અને ગરીબ દર્દીઓ માટે વિવિધ મેડિકલ કેમ્પ તેમજ કુદરતી આપત્તિ સમયે મદદરૂપ થતી રહી છે. શાખાની ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાત રાજ્યપાલના હસ્તે પાંચ એવોર્ડ પ્રાપ્ત થયા છે. સુત્રાપાડા અંતરિયાળ વિસ્તાર હોવાથી ઈમરજન્સી દર્દીઓને ૨૦-૨૫ કિલોમીટર દૂર સારવાર માટે લઈ જવા પડે છે. આ સમસ્યાના નિરાકરણ માટે શાખાના ચેરમેન અજયભાઈ બારડે સાંસદ ફંડમાંથી રૂ.૩૦ લાખની ગ્રાન્ટ ફાળવવાની દરખાસ્ત કરી છે. તાઉતે વાવાઝોડા જેવી કુદરતી આપત્તિઓ દરમિયાન પણ સંસ્થાએ મેડિકલ કિટ, ખોરાક અને તાડપત્રી પૂરા પાડીને લોકોની સેવા કરી હતી. શાખા દ્વારા નિયમિત રીતે મેડિકલ કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન તેમજ જરૂરિયાતમંદ લોકોને રાશન કિટનું વિતરણ કરવામાં આવે છે. સાંસદ રાજેશભાઈ ચુડાસમા તરફથી એમ્બ્યુલન્સ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવશે એવો વિશ્વાસ ચેરમેન અજયભાઈ બારડે વ્યક્ત કર્યો હતો.

# દીવમાં સિંહોનું ટોળું પશુઓનો શિકાર કરતા સીસીટીવીમાં થયું કેદ



દીવ, તા.૨૪

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ઝોલાવાડી વિસ્તારમાં રાત્રિના સમયે પાંચ સિંહોના ટોળાએ પશુઓનો શિકાર કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી, જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. દરિયાકાંઠાના જંગલ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી વન્ય પ્રાણીઓની હલચલ વધી છે. રાત્રિ દરમિયાન એક તરફ પશુઓનું ટોળું અને બીજી તરફ સિંહોનું ટોળું આમને-સામને આવી જતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સિંહોએ એક પછી એક પશુઓની પાછળ દોટ મૂકી શિકારનો પ્રયાસ કર્યો હતો. વન્ય પ્રાણીઓ અવારનવાર આ વિસ્તારમાં આવી ચડતાં હોવાથી અને રોડ-રસ્તા પર દેખા દેતાં હોવાથી સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ સર્જાયો છે.


**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

**-:જાહેર નોટીસ:-**

નં. મરણ નોંધણી/અરજી નં.૪૭/૨૦૨૪

**અરજદારશ્રી:-** ૧ કનુભાઈ કુકાભાઈ વાડદોરીયા
રહે.કરજાળા, તા. સાવરકુંડલા જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી કરજાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતા દિવાળીબેન કુકાભાઈ વાડદોરીયાનું મરણ તા.૧૧/૧૦/૧૯૯૪ ના રોજ મુ.કરજાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૨/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

### અમરેલી એસઓજીએ પાડેલી રેઈડ દરમિયાન

# ધારીનાં નવી વસાહતમાંથી ગાંજાના લીલા છોડનું વાવેતર ઝડપાયું

**પોલીસે ખેતર માલિક સામે ગુનો નોંધી કાર્યવાહી કરી**


તસવીર : સંજય વાળા

ધારી, તા.૨૪

રાજયમાં ડ્રગ્સ અને કોકેઈનનો વેપાર ભૂતકાળમાં ઘણીવાર ઝડપાઈ ચૂકયો છે. પોરબંદર, અમદાવાદ, કચ્છનાં દરિયાકિનારેથી પણ પોલીસે ડ્રગ્સનાં પેકેટ ઝડપી પાડયા છે. હવે ધારી તાલુકામાંથી લીલા ગાંજાનાં છોડ ઝડપાતા ચકચાર મચી જવા પામી છે. અમરેલી એસઓજી પોલીસને બાતમી મળી હતી કે, ધારી પંથકમાં ગાંજાનું વાવેતર કરવામાં આવ્યું છે. જેથી બાતમીના આધારે એસઓજી પોલીસે ધારીમાં આવેલી નવી વસાહતમાં પાણીના ટાંકા નજીક આવેલા રમેશભાઈ અરજણભાઈ વેકરીયાનાં ખેતરમાં તપાસ કરતા એસઓજી પોલીસે તુવેરના વાવેતરની આડમાં ૩૪૦ ગાંજાના લીલા છોડનું વાવેતર ઝડપી પાડયું હતું. ખેડૂતે તુવેરની આડમાં લીલા ગાંજાનું વાવેતર કરતા પોલીસે રમેશ વેકરીયાની ધરપકડ કરી છે. આ ગાંજાનું વાવેતર કેટલા સમયથી કરવામાં આવતું હતું તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

# ખાંભા સરકારી કોલેજમાં આર્ટ્સ/કોમર્સનાં ૧૩૦ વિદ્યાર્થીઓની સામે માત્ર એક પ્રોફેસર

અમરેલી, તા.૨૪

રાજય સરકાર દ્વારા બી.એ./બી.કોમ.ની નવી ૮ સરકારી કોલેજ શરૂ કરવામાં આવી છે તેમાંથી એક કોલેજ અમરેલી જિલ્લામાં ખાંભામાં શરૂ કરાઈ છે. જેમાં ખાંભા સરકારી કોલેજમાં ગંભીર શૈક્ષણિક કટોકટી સર્જાઈ છે. કોલેજમાં કુલ ચાર મંજૂર થયેલ પ્રોફેસરની જગ્યા સામે માત્ર એક જ જગ્યા ભરાયેલ છે. ૧૩૦ વિદ્યાર્થીઓના શિક્ષણની જવાબદારી એક જ પ્રોફેસર પર છે. વહીવટી વિભાગમાં પણ મંજૂર થયેલ ચાર જગ્યાઓમાંથી એક પણ જગ્યા ભરવામાં આવી નથી. આના કારણે એકમાત્ર પ્રોફેસરે શિક્ષણ ઉપરાંત તમામ વહીવટી કામગીરી જેવી કે વિદ્યાર્થીઓના સ્કોલરશીપ ફોર્મ, પરીક્ષા ફોર્મ વગેરેની કામગીરી પણ સંભાળવી પડે છે. વહીવટી કામગીરીના અતિશય બોજને કારણે પ્રોફેસર વિદ્યાર્થીઓને યોગ્ય રીતે ભણાવી શકતા નથી, જેના કારણે વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ગંભીર નુકસાન થઈ રહ્યું છે.

**આર્ટ્સ અને કોમર્સનાં વિદ્યાર્થીઓ માટે એકમાત્ર પ્રોફેસર**

રાજય સરકાર દ્વારા ખાંભામાં નવી કોલેજ તો મંજૂર કરાઈ અને તેમાં ૧૩૦ વિદ્યાર્થીઓએ હોંશેહોંશે એડમિશન પણ લઈ લીધું. આર્ટ્સ અને કોમર્સનાં વિદ્યાર્થીઓ માટે જુદા-જુદા પ્રોફેસરો હોવા જોઈએ તેના બદલે આખી કોલેજમાં એકમાત્ર પ્રોફેસરથી શૈક્ષણિક કાર્ય થઈ રહ્યું છે. આ ઉપરાંત સમાજશાસ્ત્રનાં એક વિઝીટીંગ પ્રોફેસર શિક્ષણ આપી રહ્યાં છે. આધુનિક સમયમાં વિષય વાઈઝ પ્રોફેસરોની જરૂરિયાત હોય ત્યારે આર્ટ્સ અને કોમર્સનાં વિદ્યાર્થીઓને એક જ વિષયનાં પ્રોફેસર પાસેથી કેવુ શિક્ષણ મળતું હશે તે પણ ચર્ચાનો વિષય છે.

**વિદ્યાર્થીઓનું શૈક્ષણિક હિત જોખમમાં : વહીવટી કામગીરી સહિત તમામ કામ માટે એક માત્ર પ્રોફેસર**

# AMC જુનિયર ક્લાર્ક ભરતીની પરીક્ષાનું પેપર ફૂટતા ઉમેદવારોમાં ભારે રોષ

અમદાવાદ,તા.૨૪




ગુજરાતમાં વધુ એક વાર પેપર ફૂટ્યું હોવાના આક્ષેપ થઈ રહ્યાં છે. આજે અમદાવાદ મહાનગરપાલિકામાં જુનિયર ક્લાર્ક ભરતી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યુ હતું. ત્યારે સરખેજની કુવૈસ શાળામાં પેપર ફૂટ્યું હોવાનો યુવરાજસિંહ જાડેજા દાવો કરી રહ્યાં છે. પેપર ક્રમાંક અને OMR ક્રમાંક અલગ અલગ આવતા ઉમેદવારોએ હોબાળો કર્યો હતો. બપોરે ૧૨:૩૦ પેપરનો સમય હતો. પરંતુ ૧.૧૫ કલાક સુધી પેપર શરુ ના થતા ઉમેદવારોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. જો કે મળતી માહિતી અનુસાર અન્ય કોઈ સેન્ટર પર વિવાદ સામે આવ્યા નથી. આ સમગ્ર ઘટનાની જાણ થતા જ પોલીસ અને કોર્પોરેશને તપાસ હાથ ધરી છે. અમદાવાદ મહાનગરપાલિકામાં જુનિયર ક્લાર્ક ભરતી પરીક્ષામાં ૭૨૦ જગ્યાઓ માટે પરીક્ષા યોજાઈ છે. ત્યારે અમદાવાદ સિવાય અન્ય મહાનગરો અને જિલ્લામાંથી પરીક્ષા આપવા માટે મોટી સંખ્યામાં ઉમેદવારો ઉમટ્યા. રાજ્યભરમાંથી ૧.૧૦ લાખ ઉમેદવારોએ જુનિયર ક્લાર્કની પરીક્ષાના ફોર્મ ભર્યા હતા. ત્યારે આ વખતે પેપર લીકના નવા કાયદાનો અમલ કર્યો હોવા છતા પેપર ફુટ્યાના આક્ષેપ કરવામાં આવતા જ ઉમેદવારોમાં રોષનો માહોલ જોવા મળ્યો છે.

# ઉપલેટાના ત્રણ શખ્સો ૧.૬૧ કરોડની સોપારી સાથે પકડાયા

ભુજ,તા.૨૪



કચ્છમાંથી વધુ એક વખત સોપારીની દાણચોરી ઝડપાઈ છે. કેન્દ્ર સરકારની આયાત નિકાસ નીતિનો ગેરલાભ લઈ કરાતી દાણચોરીની પ્રવૃત્તિ ઉપર અંકુશ લાવવામાં એજન્સીઓ ઊણી ઉતરી રહી છે. આ વખતે કસ્ટમ દ્વારા ક્લિયર કરાયેલા કન્ટેનરમાંથી પોલીસે દાણચોરી ઝડપી પાડતા કસ્ટમની કામગીરી ફરી એક વખત ચર્ચાનું કેન્દ્ર બની છે. પૂર્વ કચ્છ એલસીબી પોલીસે ગાંધીધામના ચુડવા ગામ પાસે હાઈવે ઉપર પાર્કિંગ પ્લોટમાં ઉભેલ બે ટ્રેઈલરની તપાસ કરતા તેમાં રોક સોલ્ટ સિંધાલૂણ મીઠાને બદલે ૫૩૯૫૦ કિલો સોપારીનો જથ્થો નીકળી પડ્યો હતો. મુન્દ્રા પોર્ટ ઉપર દુબઈથી ઉતરેલ આ સોપારીનો જથ્થો જેની બજાર કિંમત રૂ.૧.૬૧ કરોડ થાય છે એ અમદાવાદ મોકલવાનો હતો.

# રાજ્યમાં પાંચ દિવસ બાદ ઠંડીનો ચમકારો વર્તાશે

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૪

દેશમાં ઉત્તરથી ઉત્તર-પૂર્વ પવનની દિશાને લઈને ઠંડીમાં વધારો જોવા મળી રહ્યો છે. હિમાલય તરફના પવન ફુંકાતા તાપમાનમાં ઘટાડો આવ્યો છે. બે દિવસથી તાપમાનનો પારો ગગડતા રાજ્યમાં પણ ઠંડા પવનો ફૂંકાતા વાતાવરણ ઠંડુગાર બન્યું છે. અમદાવાદમાં પણ પારો ગગડતા ઠંડીમાં વધારો થયો છે. હવામાન વિભાગે ઠંડીને લઈને આગાહી કરી છે કે આગામી ૫ દિવસ સુધી તાપમાન સુકુ જ જોવા મળતા ઠંડી અનુભવાશે. રાજ્યમાં ઠંડીનું આગમન થઈ ગયું છે. ઠંડીનો ચમકારો વધતા રાજ્યભરમાં તાપમાનનો પારો નીચે ગગડ્યો છે. અનેક સ્થળોએ લઘુત્તમ તાપમાનમાં ૧ થી ૨ ડિગ્રી જેટલો ઘટાડો થયો છે. તાપમાનનો પારો ગગડતા વહેલી સવારે લોકોને ઠંડીનો અનુભવ થયો. ઠંડીથી રક્ષણ માટે લોકોએ ગરમ કપડા પહેરવાની શરૂઆત કરી દીધી છે. અમદાવાદના તાપમાનની વાત કરીએ તો ૧૬ ડિગ્રી તો ગાંધીનગરમાં ૧૫ ડિગ્રી તાપામાન નોંધાયું છે. શિયાળાની સિઝન શરૂ થયા બાદ જ હવે ધીમે ધીમે રાજ્યમાં ઠંડીનો ચમકારો વધી રહ્યો છે, ગુલાબી ઠંડીનું જોર વધતા લોકો તાપણાનો સહારો પણ લેતા જોવા મળી રહ્યા છે. જ્યારે બીજી તરફ કેટલાક લોકો ઠંડીમાં પર્યટન સ્થળોએ ફરવા જવાનું વધુ પસંદ કરી રહ્યાં છે. જો કે, વહેલી સવારે ગુલાબી ઠંડીમાં મોર્નિંગ વોક માટે જતા લોકોમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. તો વળી કેટલાક લોકો ઠંડીનું પ્રમાણ વધતા ઘરમાં જ પૂરાઈ રહેવાનું વધારે પસંદ કરી રહ્યા છે. રાજ્યમાં ગુલાબી ઠંડીએ દસ્તક દેતા ખેડૂતોમાં આનંદ છવાયો છે.

# ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં જપ્ત બેંક એકાઉન્ટમાં ત્રણ કરોડ જમા

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૪




ખ્યાતિ હોસ્પિટલ કેસની તપાસ કરી રહેલી ક્રાઈમ બ્રાન્ચની ટીમે યુએન મહેતા હોસ્પિટલના નિષ્ણાત તબીબો સાથે દર્દીઓની એન્જિયોપ્લાસ્ટી અને એન્જિયોગ્રાફી અંગે તપાસ શરૂ કરી હતી. ડો.પ્રશાંત વઝીરાનીએ કબૂલ્યું હતું કે હોસ્પિટલમાં દર્દીના ઓપરેશન અંગે નિયમોનો ભંગ થતો હતો. હોસ્પિટલ ક્રાઈમ બ્રાન્ચે અલગથી ટીમ બનાવી તપાસ શરૂ કરી હતી. ખ્યાતિ હોસ્પિટલ કૌભાંડની તપાસ માટે, પોલીસે હોસ્પિટલમાં કામ કરતા ૨૩ ડોક્ટરોને તેમના નિવેદનો નોંધવા નોટિસ પાઠવી છે. પોલીસે શનિવારે આમાંથી ત્રણ ડોક્ટરો સામે ગુનો નોંધ્યો હતો. જેમાં ડોક્ટરોએ હોસ્પિટલમાં ચાલી રહેલા ગેરવહીવટ અંગે અનેક ઘટસ્ફોટ કર્યા છે. પોલીસે ડોક્ટરોને નોટિસ મોકલી છે. તેમાંથી કેટલાક કાર્તિક પટેલ અને ચિરાગ રાજપૂત તેમજ રાહુલ જૈન સાથે ગાઢ સંબંધો જાળવી રહ્યા હતા. તેથી, તેમના નિવેદનો મહત્વપૂર્ણ રહેશે. હોસ્પિટલમાં તપાસ કરવામાં આવી હતી. બોરીસણા ગામના ૧૯ દર્દીઓની સારવારમાં ચાલી રહેલા ગેરવહીવટ અંગે યુએન/મહેતા હોસ્પિટલના તબીબોએ મહત્વનો ઘટસ્ફોટ કર્યો છે. જેમાં હોસ્પિટલમાં દર્દીઓના ઓપરેશન પહેલા રિપોર્ટ તૈયાર કરવામાં આવશે. પોલીસે જપ્ત કરેલા ૧૫ બેંક ખાતામાંથી ૩ કરોડ રૂપિયાની રકમ રિકવર કરવામાં આવી છે.




# રાજ્યમાં વધુ એક નકલી અધિકારી ઝડપાયો, સરકારી બાબુ હોવાની ઓળખ આપી ઠગાઈ કરી

અમદાવાદ,તા.૨૪



ગુજરાતમાં નકલી પોલીસ અધિકારી, જજ, કોર્ટ સહિત નકલીની ભરમાર વચ્ચે અમદાવાદમાંથી વધુ એક નકલી અધિકારી ઝડપાયો છે. મેહુલ શાહ નામનો આરોપી અસારવાની સ્કૂલના ટ્રસ્ટી હોવાનું અને મહેસૂલ વિભાગમાં પ્રમોશન થયું હોવાનું કહીને ભાડે ગાડી લઈ છેતરપિંડી આચરતો હતો. જોકે, ભાંડો ફૂટતા સરકારી અધિકારી હોવાનો રોફ જમાવીને ફરી રહેલા મેહુલ શાહની પોલીસે ધરપકડ કરી છે. મળતી માહિતી અનુસાર, શહેરના પાલડીના ફતેપુરામાં રહેતા પ્રતિક શાહ ગાડી ભાડે આપવાનું કામ કરે છે. તેમની પાસેથી આરોપી મેહુલે સરકારી વિભાગમાં ઊંચી પોસ્ટ પર અધિકારી હોવાનું કહીને ડ્રાઈવર સાથે ગાડી માગી હતી. પ્રતિકે આરોપી મેહુલ શાહને ગાડી ભાડે આપી હતી. બાદમાં કાર પર સાયરન, સફેદ પડદા અને ભારત સરકારનું સ્ટીકર લગાવવાનું કહેતા પ્રતિકે મેહુલ શાહ પાસે તે માટેનો પરમિશન લેટર માગ્યો હતો. આરોપી મેહુલે ગૃહ મંત્રાલય, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ ડેવલપમેન્ટ, સચિવ ગૃહ મંત્રાલય, ગાંધીનગરનો લેટર આપીને સાયરન અને સરકારનું સ્ટીકર લગાવડાવ્યું હતું. આરોપી મેહુલ શાહે મહેસૂલ વિભાગમાં પ્રમોશન થયાનું કહીને બીજી ગાડી માગી હતી. ત્યારે પ્રતિકે સરકારનો વર્ક ઓર્ડરનો લેટર માગતા આરોપીએ ખોટો લેટર પણ આપ્યો હતો. બાદમાં ગાડી પર બોર્ડ ચેરમેન અને ભારત સરકાર લખાવીને ૯૦ હજાર ભાડું ન આપીને ઠગાઈ આચરી હતી. આ મામલે ક્રાઈમ બ્રાંચને જાણ થતાં ગુનો નોંધી આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

# કલોલમાં કારચાલકે પાથરણા વાળા પર ગાડી ચઢાવી દેતાં ૧નું મોત, ૫ ઘાયલ

ગાંધીનગર,તા.૨૪

કલોલમાં એક ભયંકર અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. જેમાં એક કાર ચાલક દ્વારા પાથરણાવાળા પર ગાડી ચઢાવી દેવામાં આવી હતી. કલોલના ખૂની બંગલા પાસે શાકભાજી વાળા પાથરણા પાથરીને બેસતા હોય છે. જ્યા ગાડી ચાલકે શાકભાજી વાળાઓ પર ગાડી ચઢાવી દીધી હતી. જેના કારણે એક મહિલાનું મોત થયું છે. જ્યારે ૫ વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થયા હોવાનું સામે આવ્યું છે.







